
# લગ્ન એક યજ્ઞ છે. એમાં દુષ્ટતા અને ભ્રષ્ટતા ભેળવો નહીં



— શ્રીરામ શર્મા આચાર્ય

********************

# લગ્ન એક યજ્ઞ છે. એમાં દુષ્ટતા અને ભ્રષ્ટતા ભેળવો નહીં


: લેખક :

પં. શ્રીરામ શર્મા આચાર્ય



પ્રકાશક :

**યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ**

**ગાયત્રી તપોભૂમિ, મથુરા.**

ફોન (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯

મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯

ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

**: પ્રાપ્તિસ્થાન :**

**ગાયત્રી જ્ઞાનપીઠ**

**પાટીદાર સોસાયટી, જૂના વાડજ,**

**અમદાવાદ-૩૮૦૦૧૩**

**ફોન : ૨૭૫૫૭૨૫૨**

**સુધારેલી આવૃત્તિ ૨૦૦૯** **કિંમત રૂ. ૧૦.૦૦**


********************


Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. પ્રગતિ અટકાવનાર પ્રજનન સંબંધી વહેમો | ૩ |
| ૨. લગ્ન બંધન નથી - જવાબદારી છે | ૧૮ |
| ૩. ભારતીય સમાજ પર કાળું કલંક દહેજ પ્રથા | ૨૧ |
| ૪. લગ્નના ગાંડપણમાં બિનજરૂરી ખર્ચ બંધ કરો | ૩૪ |
| ૫. લગ્નોમાં થતા નુકસાનનો વિરોધ કરવામાં આવે | ૩૯ |
| ૬. વિવેક જાગે, સાહસ પેદા થાય તો જ કુરિવાજો નષ્ટ થાય | ૪૨ |
| ૭. બાળલગ્ન અનૈતિક છે એની ઉપર અંકુશ રાખો | ૫૧ |



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

## પ્રગતિ અટકાવનાર પ્રજનન સંબંધી વહેમો

આપણા સમાજમાં કુરિવાજો, વિકૃત પરંપરાઓ અને અંધવિશ્વાસ ખૂબ છે. ઊંડા મૂળ નાખીને બેઠેલી આ પ્રથાઓથી ખૂબ નુકસાન થાય છે. તેમ છતાં જુના જમાનાથી ચાલતી આવી હોવાથી લોકો તેના છાતીએ વળગાડીને બેઠા છે. બાળલગ્ન, લાજ કાઢવી, દહેજ, ખર્ચાળ લગ્નો, બારમું-તેરમું, છૂત-અછૂત, પશુઓનો ભોગ ધરાવવો વગેરે કુરિવાજોથી સમાજને સહેજ પણ લાભ નથી, છતાં ય સામાન્ય લોકો રિવાજના માને એ સ્વીકારી બેઠા છે. તેઓ માને છે કે આ બધું છોડી દેવાથી ધર્મ ભ્રષ્ટ થઈ જવાશે. બાળક હોય એ સૌભાગ્ય અને ન હોય તે દુર્ભાગ્ય એવી જડ માન્યતા પણ લોકોમાં છે. આના ટેકામાં અપાતી દલીલો પણ એવી જ વિચિત્ર છે.

કહેવાય છે કે પરલોકમાં પુત્રના હાથે પિંડદાન મળે છે. એ ન મળે તો ભૂખે મરવું પડે છે અને લાંબો સમય નરકનાં દુઃખો ભોગવવામાં પડે છે. આ વાત તદ્દન ખોટી છે. થોડા સમય માટે અને સાચી માનીએ તો કર્મફળનો સિદ્ધાંત ખોટો સાબિત થાય. એમાં એમ કહ્યું છે કે દરેકને પોતાનાં જ કર્મોનું ફળ ભોગવવું પડે છે, બીજાનાં કર્મોનું નહીં, બેટાના હાથે અપાયેલું પિંડદાન પરલોકમાં મળતું હોત તો પિતૃઓને ભૂખે મરવાનો વખત ન આવત. તર્પણ અને પિંડદાનમાં કદાચ સત્ય હોય તો એટલું જ કે પિતૃઓ પ્રત્યે લોકોની શ્રદ્ધા ટકી રહે. એ શ્રદ્ધાને વ્યક્ત કરવા તથા મનુષ્યેતર જીવન પ્રત્યેનો વિશ્વાસ જળવાઈ રહે એટલા માટે ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે. આ ક્રિયા પુત્રના હાથે જ થાય એ જરૂરી નથી. મૃતાત્મા સાથે આત્મીયતા હોય એવા કુટુંબના બીજા સભ્યો પણ એ કરી શકે છે. માટે પુત્રના હાથે થયેલું પિંડદાન જ પિતૃઓ સુધી પહોંચે છે એ દલીલ નકામી છે.

બીજી દલીલ એ છે કે પુત્ર દ્વારા વંશ ચાલુ રહે છે. છતાંય કેટલીક વ્યક્તિઓને સંતાન ન હોય તેથી તેમનો વંશ ડૂબી જાય એ શક્ય નથી. આપણા જ વર્ણના અને ગોત્રના કેટલાય લોકોને ઘણાં સંતાનો હોય છે. તેથી વંશવેલો એમના દ્વારા ય ચાલે છે. આપણું બાળક ન હોય તો સમાજને નુકસાન નથી, પરંતુ દરેક રીતે લાભ છે. વધતી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વસ્તીએ પરમાણું વિભીષિકાની જેમ દેશને પોતાની જાળમાં જકડ્યો છે. જીવન માટે ઉપયોગી સાધનોની અછત છે. આવા સમયે કોઈ વ્યક્તિ સ્વેચ્છાથી યા કોઈ કારણસર સંતાનો ન વધારે તો તે એક રીતે યુગધર્મનું પાલન કર્યું ગણાશે. ત્રણચાર પેઢી પછી સામાન્ય રીતે લોકો પોતાના પૂર્વજોનાં નામો ય ભૂલી જાય છે. કોઈ મૃતાત્મા ભૂત બનીને છોકરાઓ પાસેથી કંઈક મેળવવાની ઈચ્છા કરે તો તેને દૂર કરવાની રીતો અજમાવવી પડે છે. સૃષ્ટિની શરૂઆતથી આજ સુધી જન્મેલા મનુષ્યોમાંથી બધાયનો વંશવેલો ચાલ્યો હોત તો અત્યાર સુધીમાં આપણી પૃથ્વી જેવી લાખો પૃથ્વીઓ વસાવવાની જરૂર ઊભી થાત. પ્રકૃતિ એક હાથે વંશ વૃદ્ધિની ક્રિયા ચલાવે છે અને બીજા હાથે રેતીના બનાવેલા મહેલોને બાળકો દ્વારા લાત મારી બગાડવાનો ખેલ કરે છે. વંશનો નાશ એ પણ તેનો જ હેતુ છે.

નામ અમર રહેવાનો સીધો સંબંધ મનુષ્યનાં કાર્યો સાથે છે, સંતાનો સાથે નહીં. મૂર્ખમાં મુર્ખ અને હલકી કક્ષાની વ્યક્તિ પણ પોતાના જેવાં કેટલાંય બાળકો પેદા કરી દે છે. પણ તેથી તેની કીર્તિ વધતી નથી. જો એમ હોત તો ઈતિહાસનાં પાનાં એવી વ્યક્તિના નામ અને જીવનચરિત્રથી ભરેલાં હોત કે જેણે વધારે બાળકો પેદા કર્યા હોત. મહાન કાર્યો કરનાર અને સારા ઉદ્દેશ્યો પાછળ જીવન ખપાવી દેનારને કોઈ યાદ પણ ન કરત પરંતુ સચ્ચાઈ એ સચ્ચાઈ છે. ઈતિહાસ તેની ઉપેક્ષા કરતો નથી. જેમણે સમાજ, દેશ અને સંસ્કૃતિ માટે કંઈક વિશેષ કામ કર્યું છે તેમનું નામ અને યશ અમર બન્યાં છે. નામ અને કામ બંને એકબીજા પર આધારિત બનીને જોડાયેલાં છે, નામથી જ કીર્તિ રહેવાની પરંપરાનો જો પ્રજનન સાથે સંબંધ હોત તો જિંદગી સુધી બ્રહ્મચારી રહીને દેશ, સમાજ અને સંસ્કૃતિની સેવા કરનારને કોઈ શ્રદ્ધાપૂર્વક શા માટે યાદ કરે? વિવેકનાંદને યાદ કરવામાં આવે છે અને મહર્ષિ દયાનંદનું નામ આજે પણ લેવાય છે. સંતાનથી જ નામ યાદ રહેવાની વાતમાં જો થોડી પણ સચ્ચાઈ હોત તો યોગીરાજ અરવિંદનું નામ ક્યારનું ય ભૂલાઈ ગયું હોત. મહર્ષિ રમણ અને રામકૃષ્ણ પરમહંસને અસફળ વ્યક્તિ તરીકે જાહેર કરવા પડત અને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એ પણ એમને સંતાનો નહોતાં એ જ આધારે જ. વિનોબા ભાવે જેવા તપસ્વીઓનું બલિદાન તથા ત્યાગ નકામાં માનવામાં આવત. પણ યથાર્થતા એ યથાર્થતા છે. કુરિવાજો એને પ્રગટ થતાં રોકી શક્તા નથી.

મોંઘવારીના આ યુગમાં સંતાના ન હોવું એ દુર્ભાગ્ય નહીં, પણ સૌભાગ્યની નીશાની છે. જેમની ઉપર બાળકોનો બિનજરૂરી ભાર નથી તેમણે પોતાને ભાગ્યશાળી માની સંતોષ રાખવો જોઈએ. પોતાની શક્તિને એવાં કાર્યોમાં વાપરવી જોઈએ કે જેમાં સમાજ અને દેશનું કલ્યાણ રહેલું હોય, પોતાના સંતાનના અભાવમાં કોઈ બીજાના બાળકને ખોળે લેવાનો રિવાજ પણ આજની સ્થિતિમાં ઉપયોગી નથી. સામાન્ય રીતે પોતાના જ કુટુંબનો કોઈ છોકરો વંશ ચાલુ રાખવા માટે ગોદમાં લેવાય છે. વારસામાં પોતાની મિલકત એને મળે એવું વિચારવામાં આવે છે. પણ ગોદમાં લીધેલ બાળકની દૃષ્ટિ હંમેશાં એવી રહે છે કે માલિકનો પ્રાણ ક્યારે નીકળે કે જેથી હરામનો માલ વહેલામાં વહેલી તકે પોતે મેળવી શકે. આવાં બાળકો કદીય ઉપકારી હોઈ શકતાં નથી કારણ કે તે જાણે છે કે તેમને વંશ ચલાવવા માટે ભાગે એવું જોવા મળે છે કે ખોળે લીધેલ બાળક મોટું થતાં જ પોતાના ઉપર કૃપા કરનારનું અહિત કરે છે અને ક્યારેક તેની હત્યા કરવાના તાણાવાણા વણે છે.

બાળકો પ્રત્યે ખૂબ પ્રેમ હોય અને તેમની સાથે આનંદ કરવાની ઈચ્છા થાય તો કોઈ ગરીબ અને દુઃખી કુટુંબના બાળકને પાલનપોષણ માટે રાખી શકાય. આમ કરવાથી તે બાળક અને તેના ઘરવાળાં ઉપકારી બનશે. પોતાના જ ખાનદાનની સમર્થ વ્યક્તિઓનાં બાળકોને ખોળે લઈ જાતને માટે જોખમ વહોરવાની તુલનામાં સામર્થ્યહીન બાળકોના પાલનપોષણની જવાબદારી સ્વીકારવી એ વધુ શ્રેયસ્કર છે. એમ કરવાથી સંતોષ અને શાંતિ બંને પ્રાપ્ત થાય છે.

પોતાની જ સ્ત્રીના પેટે જન્મેલ બાળકને જ પ્રેમ કરાય એ અત્યંત હલકી મનોવૃત્તિ છે. જેને બાળક પેદા કરવાની તમન્ના હોય તેણે પ્રથમ પત્નીની શારીરિક અને માનસિક સ્થિતિ તથા પોતાની આર્થિક પરિસ્થિતિનો વારંવાર વિચાર કરવો જોઈએ. સાથે સાથે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વિચારવું જોઈએ કે નવા બાળકના પાલનપોષણની યોગ્યતા પ્રાપ્ત કરી છે કે નહીં. જો એમ ન હોય તો સંતાન પેદા કરવાની ઈચ્છા અને સાહસ છોડી દેવા જોઈએ. કોઈક કારણસર જેમને બાળકો ન હોય તેમને એને ઈશ્વરની કૃપા સમજી ધન્યવાદ આપવો જોઈએ. આવી વ્યક્તિ પોતાનાં સમય, મહેનત, સામર્થ્યનું અને ધનનું નિયોજન શ્રેષ્ઠ કાર્યોમાં કરી સાચા અર્થમાં પોતાનું નામ અને કીર્તિને અજરઅમર બનાવી શકે છે.

લગ્ન અને પ્રજનનની સંબંધી ભારતમાં એવી વિચિત્ર માન્યતાઓ છે કે જેના લીધે ઘણી વિકૃતિઓ પેદા થાય છે. આપણા દેશમાં ખાસ કરીને ૧૮ વર્ષનો છોકરો અને ૧૪ વર્ષની છોકરી પ્રજનન યોગ્ય બની જાય છે. કેટલાંકના એથી વધારે ઉંમરે લગ્ન થાય છે. કેટલાંકના એનાથી ઓછી ઉંમરે પણ થાય છે. કાયદા પ્રમાણે જો કે ૨૧ વર્ષથી ઓછી ઉંમરનો છોકરો અને ૧૮ વર્ષથી ઓછી ઉંમરની છોકરીનું લગ્ન ગેરકાયદેસર ગણાય છે. પણ સામાજિક કુરિવાયો અને બાળલગ્નોને કારણે લોકો આ ઉંમરથી ઓછી વયનાં છોકરાછોકરીનાં લગ્ન કરી નાખે છે અને પાછા ઈચ્છે છે કે અમે ક્યારે દાદા, પિતા, કાકા અથવા દાદી બની જઈએ.

જાણે કોઈ ખજાનો પ્રાપ્ત થવાનો હોય એમ લગ્ન પછી બેચાર વર્ષે આતુરતાપૂર્વક પૌત્ર કે પૌત્રીના જન્મની રાહ જોવામાં આવે છે અને ત્યાર પછી ય જો બાળક ન થાય તો ઘરનાં દરેકને ચિંતા થાય છે કે વંશ ચાલુ રહેશે કે નહીં, કુળદિપક જન્મ લેશે કે નહીં. પછી તો જાતજાતના દોરાધાગાથી માંડીને વૈદ્ય-ડોક્ટરોને ત્યાં દોડાદોડી કરી તપાસ કરાવવામાં આવે છે કે અમે પુત્ર-પ્રાપ્તિની આશા રાખીએ કે નહીં.

કોણ જાણે શા માટે આપણે પુત્રના પુત્રનું મોં જોવા આટલા વ્યાકુળ રહીએ છીએ? ત્રણ ચાર વર્ષ સુધી બાળક ન થતાં ચિંતા થાય છે. દોડધામ શરૂ થઈ જાય છે. આઠ દસ વર્ષ સુધી પણ બાળક ન થતાં પોતાનું દુર્ભાગ્ય માનીને માથું કૂટે છે. સંતાન પ્રત્યે આટલી આતુરતા અને ઉત્સુકતાનું કારણ એ છે કે સંતાનને કૂળનો તારનાર માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે પોતાના લોહીના બિંદુથી ઉત્પન્ન



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

થયેલ બાળક જ એમનો ઉદ્ધાર કરી શકે છે.

હમણાં હમણાં જ્યારે પરિવાર નિયોજનને વધુ પ્રોત્સાહન અપાયું છે અને સંતતિનિયમનને જરૂરી ગણવામાં આવ્યું છે. ત્યારે એવા લોકોની ચિંતા ખૂબ વધી ગઈ છે કે જેમને સંતાન નથી અથવા છે તો કન્યા છે તેમને પોતાનો વંશ ચલાવવાની ચિંતા થાય છે. અહીં એ સમજી લેવાનું છે કે વંશની યશવૃદ્ધિ અથવા કૂળનું નામ સંતાનથી જ ચાલે છે એ જરૂરી નથી. અને કદાચ માની લઈએ કે કૂળનું નામ સંતાનથી જ ચાલે તો એની શી ખાતરી કે આવતી પેઢીના કારણે પરિવારની કીર્તિ વધશે? એમ પણ બની શકે કે બાળકો મોટાં થતાં નાલાયક નીવડે અને કૂળની કીર્તિ વધારવાને બદલે કાળી ટીલી પણ લગાડે.

બાળકો ન હોવા છતાં ય કેટલાય લોકોની કીર્તિ જગતમાં ઉજજવળ છે. કૃષ્ણને બધાય જાણે છે જ્યારે તેમનાં બાળકોનાં નામો કદાચ કોઈને જ યાદ હશે. રામ પછી લવકુશને બાદ કરતાં તેમની આગળની પેઢીઓના ક્યા લોકોનાં નામની જગતને ખબર છે? મહાવીર તો વૈરાગી અને તપસ્વી હતાં. એમનો યશ આજે પણ વધી રહ્યો છે. રાહુલ કરતાં બુદ્ધને વધારે લોકો જાણે છે. ઈસુએ તો લગ્ન પણ નહોતું કર્યું. શંકરાચાર્ય, તુલસીદાસ, સુરદાસ, મીરા, કબીરજી, જ્ઞાનેશ્વર, રૈદાસ, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, મહર્ષિ રમણ, સ્વામી રામતીર્થ વગેરે કેટલાય સંત મહાત્મા કાં તો કુંવારા હતા અથવા ગૃહસ્થી હતાં. તો પણ તેમની કીર્તિ સંતાનોથી નહીં પરંતુ તેમના સત્કાર્યોથી જ અમર થઈ છે. વ્યક્તિનું નામ અને કીર્તિ સંતાનથી નહીં, પણ તેના સદ્દગુણો અને સત્કર્મોથી જ વધે છે અને અમર થાય છે.

આ જ સદીની વાત છે. રાજા મહેન્દ્રપ્રતાપ સંતાન વગરના છે. આઝાદીનાં વર્ષો પહેલાં તેમણે નિમંત્રણ પાઠવ્યાં કે તેમના પુત્રના નામકરણ સંસ્કાર કરવામાં આવી રહ્યાં છે. તે વખતે ઘણા લોકો એકઠા થયા-જન્મયા સિવાયના પુત્રનું નામકરણ જોવા માટે. જ્યારે રાજાએ પ્રેમ મહાવિદ્યાલયની સ્થાપનાની જાહેરાત કરી તો લોકો દંગ બની ગયા. આપણા દેશના સ્વતંત્રતા સંગ્રામના ઈતિહાસમાં પ્રેમ વિદ્યાલય



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તથા રાજા મહેન્દ્ર પ્રતાપનું નામ સુવર્ણ અક્ષરોથી લખાઈ ગયું છે અને સંતાન વગરના હોવા છતાં તેમની કીર્તિ અમર થઈ ગઈ છે.

વંશવૃદ્ધિનો એક જ હેતુ છે એ આપણું નામ ચાલે. આમ જોઈએ તો આપણી પોતાની જ ત્રણ ચાર પેઢીના પૂર્વજો સિવાય વધારેનાં નામ આપણને યાદ હોતાં નથી. તો પછી કેવી રીતે કહી શકીએ કે ભવિષ્યની ત્રણ ચાર પેઢીઓ પછી આપણું નામ યાદ કરનાર કોઈ હશે? પ્રશ્ન એ છે કે તો પછી શાસ્ત્રોએ વંશવૃદ્ધિ પર આટલો ભાર કેમ મૂક્યો હશે? કેમ એવું કહ્યું કે સંતાન વગરની વ્યક્તિને સદગતિ મળતી નથી?

શાસ્ત્રોમાં આવી વાતો પર એટલા માટે ભાર મૂકવામાં આવ્યો નથી કે વંશવૃદ્ધિથી જ સદ્ગતિ મળે છે. સદ્ગતિ તો મળે છે વ્યક્તિનાં પોતાનાં સત્કર્મોથી. મનુસ્મૃતિનો આ શ્લોક જુઓ

अनेकानि सहस्राणि कुमार ब्रह्मचारिणाम् ।
दिवंगतानि विप्राणाम् कृत्वा कुल्ड संततिम् ॥

અર્થાત્ - કેટલાય હજાર કુમાર, બ્રહ્મચારી, બ્રાહ્મણોએ સંતાન ઉત્પન્ન કર્યા વગર જ પોતાના ઉચ્ચ વિચાર, સત્કાર્યો તથા સેવાવ્રતા દ્વારા સ્વર્ગલોકને પ્રાપ્ત કર્યો છે.

વંશવૃદ્ધિ માટે શાસ્ત્રોમાં જ્યાં પણ પ્રોત્સાહનયુક્તિ ઉપદેશ આપ્યો છે એનો મુખ્ય અર્થ એટલો જ છે કે તે સમયે એક તો વસ્તી ઓછી હતી અને બીજું સમાજને યોગ્ય નાગરિક આપવાનું કર્તવ્યભાન પ્રત્યેક વ્યક્તિને કરાવવામાં આવતું હતું. ગમે તેમ કીડામંકોડાની જેમ સંતાનો ઉત્પન્ન કરવાની છૂટ આપવામાં નહોતી આવતી. સ્મૃતિઓમાં દુષ્ટ, પાપી અને દુરાચારી વ્યક્તિઓને નપુંસક બનાવવાનો ચોખ્ખો આદેશ છે. એનો અર્થ એ છે કે સમાજમાં કુસંસ્કારી બાળકનો જન્મ રોકવાની સખત વ્યવસ્થા હતી.

સમાજને સારા નાગરિક આપવા માટે જ પ્રજનન કરવામાં આવે, નહીં કે અયોગ્ય અને પ્રતિભા વગરનાં બાળકો પેદા કરવા માટે. વંશવૃદ્ધિનો આ જ એકમાત્ર આધાર છે. પરંતુ મૂર્ખ લોકો ફક્ત સંતાનની સંખ્યા વધારવાનો જ વંશવૃદ્ધિ સમજે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લોકો એવું પૂછે કે વંશવૃદ્ધિ માટે બાળકો ઉત્પન્ન કરવામાં ન આવે તો પછી લગ્નનો ઉદ્દેશ્ય શું છે? તો લગ્નનો ઉદ્દેશ્ય સંતાનોની વૃદ્ધિ કરવી એ જ છે એમ વિચારવું ખોટું છે. એનો ઉદ્દેશ્ય માત્ર પ્રજનન નથી. એ તો એક નાની જવાબદારી છે કે જેને નિભાવવામાં આવે છે. લગ્ન તો એક ગાઢ, આત્મીય અને અંગત સાથીદાર માટે કરવામાં આવે છે. પ્રજનન એ જ માત્ર લગ્નનો હેતુ હોત તો પછી બધાં પ્રાણીઓનાં લગ્ન થવાં જોઇએ. પશુપક્ષી તો જ્યારે પ્રજનનની જરૂરિયાત અનુભવે ત્યારે જ એકસાથે રહે છે, બીજા સમયે નહીં. જ્યારે મનુષ્ય પતિ-પત્ની તરીકે એકબીજા સાથે આત્મીયતા અને પ્રેમથી જિંદગીભર ગાઢ સંપર્કથી જોડાયેલો રહે છે. આ રીતે લગ્નની સાર્થકતા બાળકો ઉત્પન્ન કરવામાં જ શોધવી તે વ્યર્થ નહીં, પરંતુ હાનિકારક પણ છે.

કેટલાક લોકો ઘડપણમાં રક્ષણ અને સેવાની આશાથી જ સંતાન હોવું જરૂરી માને છે. એમનું કહેવું છે કે ઘડપણમાં અશક્ત બની જઈએ, બેકાર થઈ જઈએ ત્યારે કોણ કમાઈને ખવડાવે? પણ આ તો મૃગજળ જેવી વાત છે અને આજના યુગમાં તો ઉંમરલાયક સંતાનો પાસે ભરણપોષણ અને સેવાની આશા રાખવી એ ભયંકર છેતરપિંડી છે. વર્તમાન સ્થિતિમાં જ કેટલા છોકરા પોતાના માબાપના ખાવાનું આપે છે અને એમની સંભાળ રાખે છે? પોતાની બાબતમાં વિચારવામાં આવે તો ય અનુમાન લગાડી શકાય છે કે આપણે આપણાં માબાપને ખાવાપીવા આપીએ તો આપણા બાળકો આપણને આપશે. કદાચ આપણે આપણાં માબાપની સેવા-ચાકરી કરીએ તો પણ એમ માનવું ભૂલભરેલું છે કે ભવિષ્યની પેઢી આપણી સેવા કરશે જ, કારણ કે જેમ જેમ મનુષ્યનું જીવન જટિલ થતું ગયું છે તેમ તેમ જરૂરિયાતો વધતી ગઈ છે. અને ભવિષ્યની પેઢીએ જરૂરિયાતો પૂરી કરવામાં જ એટલી ગળાડૂબ રહેશે કે માબાપની ચિંતા કરવાનું તેમને માટે મુશ્કેલ બની જશે.

ઘડપણ અથવા અશક્ત સ્થિતિમાં મધ્યમ વર્ગના લોકો સંતાન પાસે રક્ષણની આશા રાખે છે. ગરીબ કુટુંબો એવું માને છે કે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બાળકો પાંચસાત વર્ષમાં કમાણી કરતાં થઈ જશે, ક્યાંક મજૂરી કરશે. ધનહીન અને મજૂરી કરનારા લોકો આવનાર બાળકને વધારાના કમાનાર તરીકે ગણે છે. ખરેખર તો નાનાં બાળકોને કામધંધે વળગાડી શકાતાં નથી અને કદાચ એ કામ કરે તો ય શું કમાઈને આપે? ત્રીસચાળિત રૂપિયા મહિનામાં કમાઈ પણ લીધા તો ય કુટુંબે તેના ભરણપોશણ માટે કરેલા ખર્ચની સરખામણીમાં તો એ આવક અડધી પણ નથી. બાળકોને આઠદસ વર્ષની ઉંમર થાય ત્યારે જ કામે લઈ જઈ શકાય છે, તે પહેલાં નહીં. ત્યાં સુધી કુટુંબને તેમની ખાધા-ખોરાકીનું ખોટું ખર્ચ કરવું પડે છે.

બાળકની બાબતમાં એક એવો પણ અંધવિશ્વાસ છે કે બાળકો તો ભગવાનની ભેટ છે અને ભગવાન બાળકો પેદા કરતાં પહેલાં ભોજનની વ્યવસ્થા કરી દે છે. દરેક પોતપોતાનું નસીબ લખાવીને આવ્યા છે અને તેને પોતાના નસીબનું તો મળશે જ આમ વિચારવું ભૂલભરેલું છે. બાળકો ભગવાનની ભેટ નથી, જ્યારે તેમના જન્મને રોકવો શક્ય નહોતો ત્યારે તે પ્રમાણે માનવું કદાચ યોગ્ય ગણી શકીએ. પણ હવે ત્યારે સંતતિનિયમન શક્ય છે અને બાળક પેદા કરવું આપણા હાથમાં છે ત્યારે આ અંધવિશ્વાસ આપણા રૂઢિગ્રસ્ત મનની ફક્ત એક ચાલાકી છે.

ચાલો માની લઈએ કે બાળકો ભગવાનની ભેટ છે, તે ઈશ્વરની ઈચ્છાથી જ જન્મ લે છે તે પછી તે જ્યારે બીમાર પડે છએ અને મરવાની તૈયારીમાં હોય ત્યારે તેમના બચાવવા ખોટી દોડધામ ન કરવી જોઈએ. ભગવાન બાળકને જન્મ આપે છે, આયુષ્ય આપે છે, ભોજન આપે છે. તો પછી એને જીવતું રાખવા આપણે આપણી ઈચ્છા કેમ ચલાવીએ છીએ ? ત્યાં ય આપણે સંતોષ રાખવો જોઈએ કે ઈશ્વરે તેને જન્મ આપ્યો છે અને એ જ તેને પાછો બોલાવી રહ્યો છે. પરંતુ તેને સાજો કરવા અને સ્વસ્થ રાખવા માટે કરવામાં આવતી દોડધામ દઢતાથી સાબિત કરે છે કે બાળકોને ભગવાનની ભેટ બનાવવાની પાછળ આપણો પોતાનો સ્વાર્થ અને અનુચિત ઈચ્છાઓ જ રહેલી છે.

કેટલાક લોકો કુટુંબને મર્યાદિત રાખવાનું ઈચ્છે છે, પરંતુ તેમની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઈચ્છા એવી હોય છે કે ઓછામાં ઓછો એક પુત્ર થઈ જાય. એની આશામાં ને આશામાં બાળકોની સંખ્યા વધતી જાય છે. પુત્ર અને પુત્રીમાં ભેદભાવ રાખવો એ પણ સ્વાર્થી મનની જ એક ચાલ છે. પુત્રપ્રાપ્તિની લાલસામાં પણ પેલી જ અપેક્ષાઓ હોય છે કે કુળનું નામ રહેશે, વંશવૃદ્ધિ થશે, ઘડપણમાં સહારો મળશે અને અમારી જે મિલ્કત છે તેનો વારસદાર તૈયાર થશે. આ ઈચ્છાઓ કેટલી અવિવેકપૂર્ણ છે તેનો કદી વિચાર કર્યો છે ? જ્યાં સુધી મિલકતના વારસદારનો પ્રશ્ન છે ત્યાં સુધી સમાજથી શ્રેષ્ઠ વારસદાર બીજું કોઈ નથી.

આજે ઈમાનદારીથી કમાઈને નિર્વાહ કર્યા પછી પૈસો બચાવવો એ ખૂબ મુશ્કેલ છે. એ પણ નોંધી રાખવું જોઈએ કે આવી રહેલો યુગ સંપત્તિનો નહીં, પણ સદ્‌ગુણો હશે, શ્રમ અને સત્કાર્યોનો હશે. જેની પાસે બાપદાદાની મિલકત હોય તેણે પોતાનાં બાળકોને સોંપી જવાની ચિંતા ન કરવી જોઈએ. માની લો કે આજ સુધી તેને સાચવી રાખી, પણ ભવિષ્યમાં તે સચવાશે જ તેની શી ખાતરી ? બાળકો કદાચ કુકર્મી, ઉડાઉ અને વિલાસી પાક્યાં અથવા એવા સંજોગો ઊભા થાય કે તેઓ એ સંપત્તિ વેચી દે યા ગુમાવી દે તો ? જો આ બાબત નિશ્ચિત નથી તો પછી આપણે સંતાન માટે આટલા લાલચુ ન બનવું જોઈએ.

સમય બદલાઈ ગયો છે. હવે સ્વર્ગ સંતાનવાળાને નહીં, પણ ઓછાં સંતાનવાળાને મળશે. વિવેક અને ઔચિત્યને ધ્યાનમાં રાખી સંતાન બાબતે આપણો દૃષ્ટિકોણ બદલવો જોઈએ.

જાણીતા અંગ્રેજ વિદ્વાન માલ્થસે સને ૧૭૯૮માં વસ્તીવધારાની વિભીષિકા ઉપર એક નિબંધ લખ્યો હતો. એમાં એમણે અનેક પ્રકારની મુશ્કેલીઓ પર પ્રકાશ ફેંક્યો છે. પોતાના દૂરદર્શી વિચારો રજૂ કરતાં માલ્થસે લખ્યું છે કે ‘‘જીવતા રહેવા માટે પ્રકૃતિના ખોળામાંથી મળતા આહારની સરખામણીમાં પ્રાણીઓએ પોતાની સંખ્યા ખૂબ વધારી દીધી છે. વૃદ્ધિનો આ પ્રવાહ હજુ ચાલુ જ છે, પરંતુ પ્રકૃતિના આંગણામાં આહારની જેટલી માત્રા હયાત છે એટલા પ્રમાણમાં જ પ્રાણીઓ જીવતાં રહી શકશે. આ સમતોલન જાળવી રાખવા જ પ્રકૃતિ કોપ વરસાવે છે અને એ રીતે બિનજરૂરી વસ્તી-



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વધારાને રોકે છે.''

પ્રસિદ્ધ વિદ્વાન ફ્રેંકલીનનું કહેવું છે કે ''જીવજંતુ અને વનસ્પતિમાં સ્વાભાવિક રીતે જ વધવાની અદ્‌ભુત ક્ષમતા છે. જો તેઓ એકબીજાની વૃદ્ધિમાં અડચણરૂપ ન બને તો અને વધવા માટે આહાર તથા સ્થાનની ઊણપ ન રહે તો તેમની વૃદ્ધિને કોઈ સીમા ન રહે. આ પૃથ્વી ઉપર જો વિવિધ જાતની વૃક્ષ વનસ્પતિ ન હોત તથા પ્રકૃતિએ એક જ પ્રકારનું એક જ વૃક્ષ ઉગાડ્યું હોત તો પણ એક વૃક્ષની પોતાની ઉત્પાદન ક્ષમતાએ એટલો વિસ્તાર ઘેરી લીધો હોત કે આખી પૃથ્વી તેનાથી ભરાઈ જાત.'' વનસ્પતિશાસ્ત્રના નિષ્ણાતો લખે છે કે એક વૃક્ષનાં ફક્ત બે જ બીજ દરવર્ષે ઉત્પન્ન થાય તથા તે જીવતા રહે તો માત્ર ૨૦ વર્ષોમાં એક વૃક્ષથી દસ લાખ વૃક્ષો પેદા થાય. વડ, પીપળો વગેરે વૃક્ષો કેટલાય કરોડ બીજ દરેક વર્ષે પેદા કરે છે. જો તે દરેકને ઊગવાનું સ્થાન, પ્રકાશ અને પોષણ મળતું રહે તો બધાં જ મોટાં વૃક્ષ બની જાત. પરંતુ એમાંના ઘણાં ખરાં નષ્ટ થઈ જાય છે. કેટલાંકને પશુપક્ષી ખાઈ જાય છે. જે થોડાં ઘણાં ઊગે છે તેમાંથીય શક્તિશાળી પોતાની નજીકનાંને દબાવી દે છે. આ રીતે પ્રકૃતિના નિયંત્રણની સ્વસંચાલિત પ્રક્રિયા ચાલતી રહે છે.

આધુનિક વિકાસવાદના પિતા ચાર્લ્સ ડાર્વિન પોતાના પુસ્તક 'ઓરીજીન ઓફ સ્પેસીજ'માં લખે છે કે ''જો પશુપક્ષીઓની વૃદ્ધિ કાબૂમાં ન હોત તો માત્ર એક જ જાનવરની જોડથી થોડીક જ સદીઓમાં આખી પૃથ્વી ભરાઈ જાત.'' પશુ જગતમાં હાથી સૌથી ઓછાં બચ્ચાં પેદા કરે છે. તેનું આયુષ્ય લગભગ ૫૦૦ વર્ષનું ગણાયું છે. ૯૦ વર્ષની ઉંમરની વચ્ચે એક જોડાથી લગભગ ૬ બચ્ચાં પેદા થાય છે. જો બચ્ચાં મરી ન જાય અને તમામ જીવતાં રહે તો એક જોડીથી માત્ર ૭૫૦ વર્ષમાં ૧૮ કરોડ હાથીઓ થઈ જાય. જીવશાસ્ત્રી ડૉ. રસેલનો મત છે કે સામાન્ય રીતે એક પક્ષી દર વર્ષે ૬ થી ૧૦ ઈંડાં મૂકે છે, તેની સરાસરી સંખ્યા જો ૬ માનવામાં આવે, તેમાંથી ૨ મરી જાય અને ૪ જીવતાં રહે અને ચાર વર્ષ સુધી બચ્ચાં પેદા કર્યા કરે તો માત્ર એક જોડી પક્ષીથી જ એક કરોડ પક્ષીઓ પેદા થાય.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પરંતુ આ તથ્યની સાથે એક એ પણ તથ્ય જોડાયેલું છે કે પ્રકૃતિએ જે ઉદારતાથી વનસ્પતિ અને જીવજંતુઓને પોતાની સંતતિ વધારવાની શક્તિ આપી ચે, તેણે બીજી બાજુ આહાર વગેરે સાધનોને મર્યાદિત કરીને તેમની અસીમ વૃદ્ધિ પર રોકથામ પણ મૂકી છે. અગર જો આ વ્યવસ્થા પ્રકૃતિએ ન કરી હોત તો થોડાંક વર્ષોમાં માત્ર એક પશુની જોડીએ અથવા પક્ષીની જોડીએ પૃથ્વી ભરી દીધી હોત. પરંતુ પ્રકૃતિની કઠોર નિયમ વ્યવસ્થાના લીધે એટલાં જ જીવતાં રહે છે કે જેટલાંની સૃષ્ટિનું સંતુલન જાળવી રાખવા માટે જરૂર છે. આ જ વાત વૃક્ષ-વનસ્પતિની બાબતમાં પણ છે. જીવ-જગતમાં હયાતોના રક્ષણ માટે 'સ્ટ્રગલ ફોર એકઝીસ્ટન્સ' અને 'સર્વાઈવલ ઓફ ધી ફીટેસ્ટ'નો ડાર્વિનવાદી સિદ્ધાંત ચાલે છે. અનિયંત્રિત વિસ્તારનું નિયમન અને નિયંત્રણ કાર્ય ગતિશીલ રહે છે. સૃષ્ટિના સંતુલનને ટકાવી રાખવા આ વ્યવસ્થા જરૂરી છે અને ઉપયોગી પણ છે. તે એક ક્ષણમાં લાખ્ખો પેદા કરે છે, પણ મોટાભાગનાંને નષ્ટભ્રષ્ટ કરી નાખે છે. કરોડોને જીવન આપે છે અને બીજી જ ક્ષણે ઝૂંટવી લે છે.

મનુષ્ય સૃષ્ટિનો મુગટમણિ અને સર્વ પ્રાણીઓમાં બુદ્ધિમાન હોવાના લીધે બીજાં પ્રાણીઓની જેમ પ્રકૃતિનો તાબેદાર નથી. પ્રકૃતિ પર નિયંત્રણ અને નિયમન કરવાની શક્તિ તેણે પ્રાપ્ત કરી છે. તેથી પ્રકૃતિના અવરોધ અને પ્રકોપ તેની અભિવૃદ્ધિને રોકવા અમુક હદ સુધી જ કારગત નીવડે છે. પહેલાં વિજ્ઞાનના ક્ષેત્રે આટલો વિકાસ થયો નહોતો. આજના જેવાં ચિકિત્સાના સાધન નહોતાં કે પ્રકૃતિ પ્રકોપોથી સર્જાતી દુર્ઘટનાઓથી બચવા માટેનાં આટલાં સુવિકસિત સાધનો નહોતાં. આથી એ જમાનામાં આટલી બધી વસ્તી વધી નહોતી. કુદરતી પ્રકોપો, રોગચાળો વગેરે દ્વારા કુદરત અમર્યાદિત વસ્તીવધારાને રોકતી હતી. પ્રકૃતિ પર અમુક અંશે વિજય મેળવી લઈને મનુષ્યે પોતાની બુદ્ધિ અને કુશળતા વડે સુરક્ષાત્મક ઉપાયો વધારે વિકસિત કર્યો છે. મૃત્યુદરમાં ભારે ઘટાડો અને જન્મદરમાં ભારે વધારો થઈ ગયો છે.

ઈતિહાસના આંકડા પ્રમાણે ઔદ્યોગિક ક્રાંતિ પહેલાં આખા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વિશ્વની વસ્તી ૫૦ કરોડ હતી. ચક્રવૃદ્ધિ વ્યાજની માફક ધીરે ધીરે વધતાં ૧૯મી સદીના મધ્યભાગમાં એક અબજ થઈ. ૧૯૫૬ સુધીમાં ૩ અબજ અને ૧૫ વર્ષોમાં ૪ અબજ થઈ ગઈ. એવી શક્યતા છે કે જો આ જ ઝડપે વસ્તી વધતી જશે તો આ સદીના અંતે વિશ્વની કુલ વસ્તી ૬ અબજ થઈ જશે. એમાં સૌથી વધારે વસ્તી એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાના દેશોમાં વધે છે.

આખા વિશ્વની ૩/૪ એટલે કે ૩ અબજ જેટલી વસ્તી માત્ર આ જ દેશોમાં છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલ પ્રમાણે સન્ ૨૦૦૦ સુધીમાં દરેક બીજો માણસ એશિયન હશે.

આમ તો દરેક દેશની વસ્તી વધી છે, પણ વિશ્વમાં ચીન પછી બીજો નંબર ભારતનો આવે છે. ફક્ત ૮૦ વર્ષમાં ભારતની વસ્તી ત્રણગણી થઈ ગઈ છે. ઈ.સ. ૧૯૦૧માં ભારતની કુલ વસ્તી ૨૩ કરોડ ૮૩ લાખ હતી. ૧૯૧૧માં ૨૫ કરોડ ૨૦ લાખ, ૧૯૨૧માં ૨૬ કરોડ ૧૩ લાખ, ૧૯૩૧માં ૨૭ કરોડ ૮૯ લાખ, ૧૯૪૧માં ૩૧ કરોડ ૮૬ લાખ, ૧૯૫૧માં ૩૬ કરોડ ૧૦ લાખ, ૧૯૬૧માં ૪૩ કરોડ ૯૨ લાખ, ૧૯૭૧માં ૫૪ કરોડ ૮૧ લાખ, ૧૯૮૧માં તે વધીને ૬૮ કરોડ ૬૮ લાખની થઈ ગઈ. માત્ર છેલ્લા દસ વર્ષમાં જ વસ્તીમાં ૧૩ કરોડ ૫૦ લાખની વૃદ્ધિ થઈ છે.

'ધ ગાર્ડિયન વીકલી' (૨૬મી એપ્રિલ '૮૧)માં જેમ્સ કેમરોને ભારતના વસ્તીવધારાની બાબતમાં લખ્યું છે કે માત્ર દસ વર્ષમાં જ ભારત એક જાપાન અને બે ઓસ્ટ્રેલિયા પેદા કરે છે. યુ.એસ.એ., રશિયા તથા ઈન્ડોનેશિયાની વસ્તી ભેગી કરીએ તો પણ તે ભારતની વસ્તી કરતાં ઓછી છે. વિશ્વના કુલ ક્ષેત્રફળનો ૨.૪% ભાગ ભારતમાં છે જ્યારે વસ્તી ૧૫ ટકા છે. આ અસંતુલનનું પરિણામ જ ગરીબી, બેકારી, બેરોજગારી, નિરક્ષરતા વગેરે જેવાં ખરાબ પરિણામોના સ્વરૂપે જોવા મળે છે.

વધતી વસ્તીને રોકવા દરેક દેશે પોતાને અનુરૂપ કાર્યક્રમો ઘડ્યા છે અને તેના અમલ માટે સખત પગલાં ભર્યાં છે. આપણે તો વસ્તી વધારાનો વધુ બોજો સહન કરવા માટે બિલકુલ અશક્ત છીએ. અત્યારે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જેટલી વસ્તી છે એટલાને માટે જ અન્ન, વસ્ત્ર, રહેઠાણ, શિક્ષણ અને આરોગ્યની સગવડ કરવી અઘરી છે તો જો હજુ વસ્તી વધશે તો સ્થિતિ આનાથી પણ વધુ કફોડી થશે. અનિયંત્રિત પ્રજનનને કેવી રીતે રોકી શકાય એ પ્રશ્નનો વહેવારુ ઉકેલ હજુ શોધી શકાયો નથી. સરકારી તંત્ર આ દિશામાં પ્રયત્નશીલ છે. એ પ્રયત્નો ચાલવા પણ જોઈએ. પણ એની સાથે સાથે એવાં કંઈક વ્યાવહારિક પગલાં પણ ભરવાં જોઈએ કે જે વસ્તી વધારો રોક્વા સક્ષમ હોય. આ દિશામાં કેટલાક રચનાત્મક કાર્યક્રમો એવા છે કે જેમનો અમલ કરવાથી આશાજનક સફળતા મળી શકે.

દેશમાં એક એવી વિચારક્રાંતિની જરૂર છે કે જે કામુક અને અશ્લીલ વિચારધારાને અટકાવી શકે. સ્ત્રી પ્રત્યે કામુક અને અશ્લીલ ચિંતન વધારે પ્રજનનનું કારણ બને છે. અશ્લીલતાને ભડકાવતી જાહેરખબરો, સાહિત્ય, સામયિકો અને સ્વચ્છંદ યૌનાચાર ઉપર કડક પ્રતિબંધ હોવો જોઈએ. એ માટે જરૂર જણાય તો વિરોધ અને સંઘર્ષ કરવા માટે વિચારશીલ વર્ગે સંગઠન ઊભું કરવું જોઈએ. સ્ત્રીને વાસનાતૃપ્તિનું સાધન નહીં, પણ સહયોગી અને સહધર્મિણી માનવી જોઈએ. આ માટે શૃંગાર અને કામુકતાથી મુક્ત વાતાવરણનું નિર્માણ કરવાની જરૂર છે. સાહિત્યકાર, કલાકાર, કવિ, ગાયક વગેરે પ્રતિભાઓ નારી પ્રત્યે પવિત્ર ભાવો જાગૃત કરવા મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી શકે. મગજને ઉત્તેજિત કરે અને કામુક ચિંતન વધારે એવાં ચલચિત્રો અને જાહેરખબરો ઉપર પ્રતિબંધ મૂકવો જોઈએ.

મોટી ઉંમરે લગ્ન કરવાથી પણ અમુક હદ સુધી વસ્તીવધારા ઉપર નિયંત્રણ લાવી શકાય છે. શરીરશાસ્ત્રીઓનું કહેવું છે કે સ્ત્રીઓમાં પ્રજનન શક્તિ ૧૫ થી ૩૦ વર્ષની વચ્ચે વધું હોય છે. આપણે ત્યાં કેટલીય જગ્યાએ કાચી ઉંમરે જ છોકરા છોકરીઓનાં લગ્ન થઈ જાય છે. એમના અપરિપક્વ મગજના મનોરંજન માટે સૌથી વધુ આકર્ષણબિંદુ સેક્સ બને છે, જેનું પરિણામ બાળકના રૂપમાં આવે છે. ભારતની મોટાભાગની સ્ત્રીઓ પચીસ-ત્રીસ વર્ષની ઉંમર સુધી પહોંચતામાં તો કેટલાય બાળકોની માતા બની ચૂકી હોય છે. કિશોરાવસ્થાનો તોફાની આવેશ જ્યારે કેટલાંય બાળકોના સ્વરૂપે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રગટ થાય છે ત્યારે એમને પોતાની ભૂલનું ભાન થાય છે. પણ ત્યાં સુધીમાં તો ગરીબી અને દરિદ્રતાએ પોતાનો પંજો ચારેબાજુ ફેલાવી દીધો હોય છે.

'શારદા એક્ટ' પસાર થવાથી બાળલગ્ન ગુનો ગણાય છે. છતાં પણ અજ્ઞાનતાને કારણે આજેય રાજસ્થાન, બિહાર, ઉત્તરપ્રદેશ જેવા કેટલાય પ્રદેશોમાં એ રિવાજ પ્રચલિત છે. આ કાયદાનો ઉપરના પ્રદેશોમાં છડેચોક ભંગ થતો હોય છે. લગ્ન માટે છોકરાની ઉંમર ૨૧ વર્ષ અને છોકરીની ૧૮ વર્ષ નક્કી કરવામાં આવી છે તેને પણ વધારવી જોઈએ. લગ્ન માટે પુરુષની ઉંમર ૨૫ થી ૩૦ વર્ષ અને સ્ત્રીની ૨૦ થી ૨૫ વર્ષની વચ્ચે રાખવાથી પણ પ્રજનન વધતું અટકાવી શકાય છે. એની સાથે સાથે સુશિક્ષિત, સ્વસ્થ, અનુભવી અને જવાબદાર તથા સ્વાવલંબી વ્યક્તિઓને જ લગ્ન માટે પ્રોત્સાહન અને મંજૂરી મળવાં જોઈએ. આ નિયમ સ્ત્રી અને પુરુષ બંનેની ઉપર સમાન રીતે લાગુ પાડવો જોઈએ.

છોકરાનો જન્મ શ્રેષ્ઠ અને છોકરીનો જન્મ હલકો માનવાની ભાવના હજુ પણ આપણા સમાજમાં છે. છોકરાનો જન્મ થાય તો ખુશી મનાવવામાં આવે છે અને છોકરી જન્મે તો દુઃખ વ્યક્ત કરવામાં આવે છે. વારસો અને વંશ પરંપરા ચલાવવામાં પણ છોકરાને જ માન્યતા આપવામાં આવે છે. આ કારણે કેટલાય લોકો છોકરીઓ જન્મવા છતાં પણ બાળકો પેદા કર્યે જ જાય છે. લોકોની આ ભ્રાંતિને પણ દૂર કરવી જોઈએ.

વસ્તી વધવાના કારણે ૪૫ ટકા લોકો ગરીબીની રેખા નીચે જીવી રહ્યા છે. ત્રીસ કરોડ લોકો એવા છે જેમની આવક વાર્ષિક એક હજારથી પણ ઓછી છે. સાડાચાર કરોડ કુટુંબો એવાં છે જેમને ખબર નથી ફરીથી ક્યારે ભોજન મળશે.

જનસંખ્યા વિસ્ફોટને રોકવાના પ્રયત્નો કરવા છતાં આપણે તેને રોકી શક્યા નથી. વસ્તીવધારો જે તીવ્ર ગતિથી થઈ રહ્યો છે તે ક્રમ જો ચાલુ રહેશે તો ચોક્સ આપણે ગુફામાં રહેવું પડશે. ઘાસ અને સેવાળનું ભોજન કરવું પડશે અને ઝાડની છાલનાં વસ્ત્રો પહેરવા પડશે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સામાન્ય લોકોને એ વાતની ખબર નથી કે વસ્તી વધે છે તેની સાથે જમીન વધતી નથી. અને જેટલા વધારે મનુષ્યો પેદા થશે તેમનો ખોરાક તો છે તેટલી જમીનમાંથી જ મેળવવો પડશે. તેથી અનિયંત્રિત પ્રજનન પ્રગતિ અને સંસ્કૃતિનું બલિદાન લઈને જ જંપશે એવું લાગે છે.

ભારતની ગરીબીના અનેક કારણ છે. પરંતુ ધરખમ વસ્તીવધારો, સંપત્તિની અસમાન વહેંચણી, રોજીરોટીનાં સાધનોનો અભાવ, અજ્ઞાનતા, નિરક્ષરતા, કુરિવાજો, મહેનતની ઉપેક્ષા, સમયની બરબાદી, ખોટો ખર્ચ, નાણાંનો બગાડ, અપ્રામાણિકતા વગેરે મુખ્ય છે. આ બધામાં સુધારો કરવાથી દેશની ગરીબાઈ દૂર કરી શકાય.

ઈ.સ. ૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ દેશની વસ્તી ૬૮ કરોડથી પણ વધી ગઈ છે અને ૧૯૭૧ થી ૧૯૮૧ના દસકામાં ૧૭ કરોડ ૨૭ લાખ ૩૪ હજારનો વધારો થયો છે, જ્યારે એ દસકામાં ખેતીલાયક જમીનનો વિસ્તાર ફક્ત ૧૧૩૪૪ હેક્ટર થયો છે. તેથી સ્પષ્ટ છે કે આટલી જમીનથી ૧૭ કરોડ ૨૭ લાખની વધેલી વસ્તીનું ભરણપોષણ થવું શક્ય નથી. વધતી જતી વસ્તીના રહેઠાણની મુશ્કેલી પણ ઊભી થાય તે સ્વાભાવિક છે ભારત સરકારના નિવાસ અને નિર્માણમંત્રીના રિપોર્ટ મુજબ દેશમાં ૨ કરોડ ૧૩ લાખ અને ૭૩ હજાર મકાનોની ઊણપ છે. રાષ્ટ્રપતિ ભવન સંગઠનના અનુમાન મુજબ ગ્રામ્ય વિસ્તારમાં ૧ કરોડ ૬૫ લાખ અને શહેરી વિસ્તારમાં ૪૮ લાખ ૭૩ હજાર મકાનો તરત જ જોઈએ.

વસ્તીવધારાના કારણે બેકારી વધતી જાય છે. રોજગાર કચેરીઓના આંકડા પ્રમાણે ફેબ્રુઆરી'૮૦ સુધીમાં દેશમાં નોંધેલા બેકારોની સંખ્યા ૧ કરોડ, ૪૫ લાખ અને ૬૦ હજાર હતી જ્યારે વાસ્તવિક્તા એ છે કે ગામડાના લોકો રોજગાર કચેરીમાં નોંધણી કરાવવાનું જાણતા જ નથી. ખરું જોતાં ૨૦ થી ૫૦ વર્ષના બેકારોની સંખ્યા ૬ કરોડ ઉપર છે. ભારતનાં વિશ્વવિદ્યાલયોમાંથી દર વર્ષે ૫ લાખ ૫૦ હજાર જેટલા સ્નાતકો બહાર પડે છે. એમાંથી ફક્ત સાડા ત્રણ લાખ જ રોજગારી મેળવી શકે છે. ૨ લાખ રોજગારીની લાઈનમાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઊભા રહી રાહ જુએ છે. શહેરોમાં દોઢ કરોડ અને ગ્રામ્ય વિસ્તારોમાં ૪ કરોડ ૮૦ લાખ બેકારો છે. અંદાજે આ બેકારોમાં દર વર્ષે ૪૦ લાખ બેકારોની વૃદ્ધિ થતી જાય છે જેમાં મેડિકલ, એન્જિનીયરીંગ, વાણિજ્ય, કલા, વિજ્ઞાન અને બીજા સ્નાતકો છે. આવી પરિસ્થિતિમાં વસ્તીવધારો કર્યા કરવો એ નરી મૂર્ખતા છે.

## લગ્ન બંધન નથી - જવાબદારી છે

લગ્ન એક પવિત્ર જવાબદારી છે. ગૃહસ્થ જીવનમાં સુવિધાઓ કરતાં કર્તવ્યની મુશ્કેલીઓ વધુ રહે છે. જે મનુષ્ય આ મુશ્કેલીઓનો વિચાર કર્યા વગર લગ્નની જવાબદારી પોતાના ખભે લઈ લે છે તે અદૂરદર્શી છે. તેનું પરિણામ કકળાટ, ક્લેશ, અસંતોષ તથા અશાંતિના સ્વરૂપે દેખા દે છે.

શું મારી ઉંમર તથા આરોગ્ય એ જવાબદારીને અનુકૂળ છે ? મારી વર્તમાન આવક એ બોજો ઉઠાવવા માટે પૂરતી છે ? કોઈની છોકરીની જરૂરિયાતો પૂરી કરવા માટે આપણી પાસે સાધનોની ઊણપ તો નથી ને ? શું મારી પાસે એ પરિશ્રમશીલતા અને યોગ્યતા મોજૂદ છે જેની મદદથી હું અભાવ અને ગરીબીને પેસવા દઉં નહીં ? કંકાસ અને અશાંતિ દૂર કરવા નાની નાની વાતોની ઉપેક્ષા કરવા જેટલી સહનશીલતા છે ? પોતાની અને પત્નીની વચ્ચેના અધિકારોનું સંતુલન રાખી શકાય તેવો દષ્ટિકોણ વિકસિત કર્યો છે ? મારામાં એવું કોઈ વ્યસન કે દુર્બળતા તો નથીને કે જેની મારા અને પત્નીના સુંદર સંબંધોમાં તિરાડ પડે ? શું મેં આચરણ અને ચારિત્ર્યમાં પત્નીવ્રત માટે યોગ્ય દઢતા અને વિશ્વાસ ઉત્પન્ન કરી લીધા છે ? કંઈક એવું તો નથી ને કે મારા મગજમાં એવો અહંકાર હોય કે જે પુરુષ અને સ્ત્રી, પતિ અને પત્ની વચ્ચે, વિષ ઉત્પન્ન કરે અને પોતાના માટે અગ્રિમ સ્થાન રાખીને પત્નીને પાછળ ધકેલી દેવાની પ્રેરણા આપે ? મારામાં ઉદારતાની અછત તો નથી ને કે જેના આધારે પત્નીને દાસી, સેવિકા માનવાના બદલે તેને સહધર્મિણી, ગૃહસ્વામિની તથા ગૃહલક્ષ્મી માનીને તેને આદર આપવામાં સુખનો અનુભવ થાય ? મારો સ્વભાવ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

નીરસ, કર્કશ, કડવો અથવા સ્વાર્થી તો નથી ને ? આ બધા એવા પ્રશ્નો છે જેની ઉપર લગ્ન પહેલાં ખૂબ ઊંડાણથી વિચાર કરી લેવો જરૂરી છે. વિચાર કર્યા વિના સુખની આશાએ દાંપત્યજીવનમાં જોડાવું એ અવિવેકપૂર્ણ છે. આવા ખોટું સાહસ કરનારા અને દીર્ઘદૃષ્ટિ વગરના લોકોનું લગ્ન જીવન મોટે ભાગે નિષ્ફળ જાય છે. અસફળ ગૃહસ્થ જીવનથી જે શોક-સંતાપ તથા કલેશ-કલહનો જન્મ થાય છે તેની અશાંતિ તથા પશ્ચાત્તાપ જિંદગી સુધી પીડા આપે છે.

આ ઉપરના પ્રશ્નો પર વિચાર કરી પોતાની સ્થિતિ અને પરિસ્થિતિને સમજીને તથા પોતાનામાં જે ઊણપો છે તે દૂર કરીને જ લગ્નના બંધનમાં બંધાવું એ અગમચેતી છે. આવી વ્યક્તિઓનું જીવન સફળ અને સુખમય બનતું હોય છે. અને તેઓ ઘરને પૃથ્વી પરના સ્વર્ગ સમું સુંદર બનાવે છે. લગ્ન કરવું તો જોઈએ, પરંતુ સાથે સાથે દીર્ઘદૃષ્ટિ પણ હોવી જ જોઈએ.

સંતાનની જરૂર છે, એ હોવું જ જોઈએ, એનાથી વંશ ચાલશે, ઘડપણમાં સુખ મળશે, 'પુ' નામના નરકથી બચાવશે, સમાજમાં પુત્રવાળા કહેવાઈશું, પોતાનું પુરુષત્વ અને સ્ત્રીની ફળદ્રુપતા સાબિત થશે, ઘરમાં દોડધામ રહેશે, આડોશપાડોશમાં દબાણ રહેશે. આ બધા આધારો પર સંતાનની ઈચ્છા પૂરી કરવી તે અભિમાનજનક છે અને તેમાં દીર્ઘદૃષ્ટિનો અભાવ રહેલો છે. આવી વાહિયાત કલ્પનાઓથી પ્રેરિત થઈને જે વ્યક્તિ છોકરાં પર છોકરાં પેદા કરે છે તે પોતાના માટે જ નહીં, પરંતુ સમાજ માટેય સંકટ ઊભું કરે છે.

બાળકને લગ્નજીવનનું ફળ ચોક્કસ માનવામાં આવે છે, પણ સાથે જ તે ફળ સારું કે ખરાબ પણ હોઈ શકે તે ધ્યાનમાં રાખવું જોઈએ. વિચાર કર્યા વગર જેઓ બાળકો વધારતા જાય છે એમણે વિશ્વાસ રાખવો જોઈએ કે એમનાં એ ફળો ભાગ્યે જ મીઠાં હશે. તેમનો સ્વાદ ચાખવા તેમણે તૈયાર રહેવું જોઈએ.

છોકરા-છોકરી પેદા થઈ જવાથી કોઈ સંતાનવાળો નથી થઈ જતો. જે વૃક્ષોના ફળો ઉપયોગી, સુંદર તથા સ્વાસ્થ્યપ્રદ નથી હોતાં તેવાં વૃક્ષો ફળવાળાં હોવા છતાંય તેમનું કોઈ મહત્ત્વ હોતું નથી.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સંતાનવાળા હોવાનું ગૌરવ મેળવવા માટે સારાં સંતાનો હોવા જરૂરી છે. પોતાની આર્થિક સ્થિતિ કરતાં વધારે બાળકોનો શંભુમેળો ભેગો કરીને જો કોઈ સંતાનોનું સુખ મેળવવા ઈચ્છતો હોય તો તે ગધેડાના માથા ઉપર શિંગડાં શોધવા જેવી વાત છે. સંતાનો પેદા કરતા પહેલાં સો વાર વિચાર કરવો જોઈએ. લાંબું વિચારનાર મનુષ્ય અનેક અયોગ્ય સંતાનો કરતાં એક યોગ્ય સંતાન હોય એને પોતાનું અહોભાગ્ય માને છે. વધારે બાળકો પેદા કરવાથી પાછળથી જે પરિણામ આવે છે એના કારણે મનુષ્યનું અડધ ઉપરનું જીવન ઘોર અશાંતિ, અસંતોષ, ક્રોધ અને કકળાટમાં વીતે છે. ઘડપણમાં તેની સ્થિતિ અસહ્ય બની જાય છે. તે બળીબળીને નષ્ટ થાય છે. પાછલી અવસ્થામાં જ્યારે સુખશાંતિની વધારે જરૂર હોય છે તે જ વખતે સંતાપ સહન કરવો પડે છે.

સંતાનોની લાઈન કરી દેવા પહેલાં ગંભીરતાથી વિચારી લેવું જોઈએ કે અમારી સ્થિતિ અને તેમાંય ખાસ કરીને પત્નીનું આરોગ્ય કેટલાં સંતાનોનું પાલનપોષણ કરવા માટે યોગ્ય છે. તેમના શિક્ષણ અને તેમને સુયોગ્ય બનાવવાની કેટલી યોગ્યતા છે ? જે બાળકો અમે પેદા કરવા માગીએ છીએ તેમને સુસંસ્કારી, સુશીલ અને સભ્ય બનાવવા માટે અમે બધી વ્યવસ્થા કરી છે ? શું અમારી પાસે વેપાર કે ધંદો છે અથવા ભવિષ્યમાં થઈ શકશે કે જેનાથી પોતાની ભવિષ્યની પ્રજાને કામધંધે લગાડી આવારા બનતાં અટકાવીશું ? જો આ પ્રશ્નોના જવાબ હકારાત્મક ન હોય તો તમે દીર્ઘદૃષ્ટિ અને વિવેક વાપર્યા વગર સંતાનો વધારવાની ભૂલ કરી રહ્યા છો.

ઉદ્દેશ્ય વગર બિનજરૂરી સંતાનો પેદા કરવાથી પત્નીનું આરોગ્ય નષ્ટ થઈ જાય છે. સાથે સાથે પોતાની આર્થિક વ્યવસ્થાને નુકસાન પહોંચે છે. આ ઉપરાંત ભવિષ્યમાં એ અયોગ્ય બાળકો આપણા ઘડપણની લાકડી બનીને સહારો આપવાનાં બદલે દુઃખ દે છે. તે અમને અશક્ત, બિનઉપયોગી અને નિર્ધન માનીને તમારો અનાદર કરશે. જે કંઈ તમારી પાસે છે તે લૂંટી લેશે અને તેમે બંને એક ખૂણામાં બેઠાં બેઠાં રડ્યાં કરશો અને નસીબનો વાંક કાઢશો. સુવ્યવસ્થિત, સુશિક્ષિત અને સુસંસ્કૃત ન બનાવેલાં સંતાનો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સમાજમાં યા વંશમાં કેટલાંનાના નામ ઉજ્જવળ બનાવે છે તે ત્યારે સમજાય છે. દીર્ઘદષ્ટિવાળો કોઈપણ મનુષ્ય ઉપરોક્ત મુશ્કેલીઓથી ચેતતો જ રહે છે અને એક કે બે જ સંતાનોથી સંતુષ્ટ રહે છે.

દીર્ઘદષ્ટિવાળો મનુષ્ય એ પરિસ્થિતિઓનો પણ વિચાર કરે છે કે ધન વિના સંતાનો અવગણના કરશે, તિરસ્કાર કરશે તથા કુટુંબમાં ભૂખે મરવાનો વારો આવશે. તેઓ જાણે છે કે નિર્ધનતા હજારો રોગોને જન્મ આપે છે. વિપત્તિઓ, સંકટ તથા માઠા દિવસો કહીને આવતા નથી. જ્યારે તે આવે છે ત્યારે પોતાની પાસેના પૈસા સગાસંબંધીઓ કરતાં પણ વધારે મદદરૂપ બને છે. પૈસાના અબાવે ભવિષ્ય સામે ટક્કર લેવાનું સાહસ પણ ખતમ થઈ જાય છે. આવક વધારતા રહેવું અને ખર્ચ ઘટાડતા રહેવું એમાં દીર્ઘદષ્ટિ રહેલી છે અને એ દીર્ઘદષ્ટિને આપણે બધાએ અપનાવીને અમલમાં મૂકવી જોઈએ.

## ભારતીય સમાજ પર કાળું કલંક - દહેજ પ્રથા

આપણા સમાજને નૈતિક દષ્ટિએ નબળો અને આર્થિક રીતે અપગં બનાવનારી કુપ્રથાઓમાં દહેજપ્રથાની જેટલી નિંદા યા તિરસ્કાર કરવામાં આવે એટલો ઓછો છે. દહેજપ્રથા વિરોધી કાયદા હોવા છતાં પણ આ કુપ્રથા શાથી ટકી રહી છે એ સુધરેલા સમાજ માટે વિચારણીય બાબત છે. સમાજશાસ્ત્રીઓનું કહેવું છે કે દહેજનો વ્યાપક રોગ માનવીય મૂલ્યોના પતનના કારણે ફેલાયો છે. પૈસાને ખૂબ મહત્ત્વ આપવાની મનોવૃત્તિના લીધે આ મહારોગ પરોક્ષ રીતે વધતો રહ્યો છે. જો કે વિચારશીલ વર્ગમાં થોડી જાગૃતિ આવી છે અને તે દહેજપ્રથા વિરુદ્ધ રોષ પણ વ્યક્ત કરે છે, પરંતુ તેમનો આ દેખાવ ખાસ કરીને કન્યાવિવાહ વખતે જ જોવા મળે છે. છોકરાનો લગ્નપ્રસંગ આવતાં તેમની પણ લોભવૃત્તિ જાગી ઊઠે છે અને છોકરાંના પાલનપોષણ તથા શિક્ષણ પાછળ ખર્ચેલા પૈસા વ્યાજ સાથે વસૂલ કરવાનીકોશિષ કરે છે. આનો અર્થ એવો નથી કે બધા છોકરાના પિતાઓની મનોવૃત્તિ આવી હોય છે. પરંતુ દહેજ વગર પોતાનો છોકરો પરણાવનારાઓની સંખ્યા આંગળીને વેઢે ગણાય તેટલી જ હોય છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લગ્નમાં દહેજ ઓછું મળવાના કારણે કેટલીય હત્યાઓની કરુણ ઘટનાઓ બનતી રહે છે. કદાચ જ કોઈ દિવસ એવો પસાર થતો હશે કે જ્યારે સમાચારપત્રોમાં આવી અમાનવીય કૃત્યની ઘટના છપાઈ ન હોય.

૧૭મી નવેમ્બર, ૧૯૮૧ના 'દૈનિક હિન્દુસ્તાન' મુજબ આગરા જિલ્લાના પોલીસ થાણાની હદમાં આવેલ કછપુરા ગામમાં એક યુવાન પત્નીને તેના પતિ, સાસુ અને સસરાએ જીવતી જ ગામની ભાગોળે આવેલ એક ટ્યુબવેલમાં ધકેલી દીધી હતી અને ઉપરથી ડબ્બો ભરીને ડીઝલ રેડી આગ લગાડી દીધી. યુવતી બળીને માંસનો લોચો બની ગઈ.

કહેવાય છે કે આ હત્યાના ગોઝારા દૃશ્યને મરનાર સ્ત્રીના સગા ભાઈએ પોતાની સગી આંખે જોયું. એ અચાનક એની બહેનના કુશળ સમાચાર જાણવા આવ્યો હતો. પોલીસમાં ફરિયાદ આપવામાં આવી તે આધારે જાણવા મળે છે કે લગ્ન પછી યુવતીના સાસરીવાળા તેને ઓછું દહેજ આપવાના કારણે દુઃખ દેતા હતા જેથી તે કેટલાય મહિનાઓથી પિયર રહેતી હતી. ગઈ દિવાળીએ બંને પક્ષે સમજૂતી થવાથી તે સાસરે ગઈ હતી.

૨૪ નવેમ્બર, ૧૯૮૧ના 'નવભારત ટાઈમ્સ'માં એક આવા જ સમાચાર છપાયા હતા. આગ્રાના વધારાના ન્યાયાધીશ શ્રી ઓ.પી.સિંહે રામપ્રકાશ નામની વ્યક્તિને આજીવન કેદની સજા કરી. દહેજ ઓછું પડવાના કારણે તેણે પોતાની પત્ની મીનાની હત્યા કરી હતી. હત્યામાં મદદ કરવાના આરોપમાં રામપ્રકાશની મા પ્રેમવતી અને ભાઈ ઓમપ્રકાશને પણ આજીવન કેદની સજા કરવામાં આવી હતી. મીનાના પિતા ઈંદોરમાં કાપડના એક નાના વેપારી છે. તેમને બીજી પણ છ છોકરીઓ છે. કહેવાય છે કે મીનાની સાસરીવાળાં લગ્નમાં આપવામાં આવેલ દાગીના, કપડાં, વાસણ વગેરેથી સંતુષ્ટ નહોતાં. એટલે વારંવાર રૂપિયા લાવવા માટે મીના પર દબાણ કરતાં હતાં.

૨૫ સપ્ટેમ્બર, ૧૯૮૧ના દૈનિક 'ભાગીરથી સંદેશ'માં છપાયેલ સમાચાર મુજબ સહારનપુરની પંજાબી કોલોની પટેલ નગરમાં શ્રીમતી ભૂપિન્દર કૌર નામની યુવાન પત્નીને જીવતી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સળગાવી દેવામાં આવી હતી. પોલીસમાં આપેલ રિપોર્ટ મુજબ યુવતીના પતિ, સાસુ, સસરા અને નણંદે તેને ઓછું દહેજ લાવવાના કારણે સળગાવી દીધી હતી. તેઓ એને ઘણા સમયથી ત્રાસ આપતાં હતાં તથા તેના માતાપિતાને ઘેર જવા દેતાં નહોતાં. અરે, કાગળ પણ લખવા દેતાં નહોતાં.

૨૫ નવેમ્બર, ૧૯૮૧ના 'પંજાબ કેસરી' દૈનિકમાં પ્રકાશિત થયેલ સમાચાર તો દિલ ધડકાવી દે છે. ઉત્તરપ્રદેશના સહારનપુર જિલ્લામાં દહેજ લાલચુ વ્યક્તિઓ દ્વારા નિર્દોષ સ્ત્રીઓની એક પછી એક હત્યાઓ કરવામાં આવી. એક સર્વેક્ષણ મુજબ આ જિલ્લામાં ગયા વર્ષે લગભગ બે ડઝન મહિલાઓનું દહેજની વેદી પર બલિદાન આપવામાં આવ્યું હતું. આ જ વિસ્તારના ચક્રવાથી ગામના શુગ્ગને ઝબરેડા થાણામાં ફરિયાદ આપી કે તેના જવાઈ રણવીરસિંહે અને તેના પરિવારના સભ્યોએ હળીમળીને તેમની દીકરી લીલાવતીની ઝેર આપીને એટલા માટે હત્યા કરી હતી કે તે ઓછું દહેજ લાવી હતી. પોલીસે લીલાવતીના પતિ રણવીરસિંહ અને તેના કુટુંબીઓ કુંવરપાલ, બુંદીરામ, રામસ્વરૂપ અને બ્રહ્મપાલને ગિરફતાર કરી જેલમાં મોકલી દીધા.

આવા જ એક બનાવની વિગત આ જ સમાચારમાં છપાઈ છે. સહારનપુર જિલ્લાના જ દાવકી ગામના વતની કુંવરપાલસિંહે મંગલોર પોલીસચોકીમાં પોતાના કાકાની દીકરી મિથિલેશના ખૂનનો ગુનો લખાવ્યો, તે મુજબ મિથિલેશનું લગ્ન લંદોરા ગામના રાજેન્દ્ર સાથે થયું હતું. લગ્નમાં દહેજ ઓછું મળવાના કારણે તેનો પતિ અને કુટુંબીઓ તેને હેરાન કરતા હતા. લાગ જોઈને એમણે તેને ઝેર આપીને મારી નાખી અને તેની હત્યા છુપાવવાનો પ્રયત્ન કર્યો. પોલીસે ઘટનાનું રહસ્ય જાણી લીધું પણ મરનારના દુઃખી કુટુંબને આશ્વાસન તો ન જ આપી શકી.

૩ ડિસેમ્બર, ૧૯૮૧ના દૈનિક ''હિન્દુસ્તાન''માં છપાયેલા પ્રસંગે તો સુધરેલા સમાજના માથે પાશવતાનું કલંક લગાડી દીધું. મુઝફ્ફરનગરના શ્રી વ્રજલાલની દીકરી પૂનમની હત્યા ખૂબ રહસ્યમયી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રીતે કરવામાં આવી. તેમાં તેના પતિનોજ હાથ હતો એમ બતાવવામાં આવ્યું છે. પૂનમ અર્થશાસ્ત્રના વિષયમાં એમ.એ. થયેલી, સિવણ, ભરતગૂંથણ વગેરે કળામાં પ્રવીણ હતી. તેનું લગ્ન મધ્યપ્રદેશના કટઘોરામાં સહાયક અનુસંધાન અધિકારીનાપદ પર નોકરી કરતા રાકેશ ગોયલ સાથે થયું હતું. લગ્નના ચાર મહિના પછી દહેજરૂપી રાક્ષસ તેને ગળી ગયો.

પૂનમના મરણના સમાચાર સાંભળતાં જ આખા શહેરમાં શોકનું વાતાવરણ સર્જાઈ ગયું. કેટલાંય સામાજિક સંગઠનો દ્વારા આ કાળા કૃત્ય તરફ રોષ વ્યક્ત કરવામાં આવ્યો. અનેક મૌન સરઘસો અને પ્રદર્શનોનું આયોજન કરવામાં આવ્યું. લોકોની એક સભામાં પૂનમની માતાએ જ્યારે હત્યાનું વર્ણન કર્યું ત્યારે અનેક સ્ત્રીપુરુષોની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં. શોકમગ્ન થી જવાના કારણે કેટલાય વકતાઓ પોતાનો અભિપ્રાય વ્યકત કરી શક્યા નહીં. પોલીસ ઈન્સ્પેક્ટરે આવી ઘટનાને સમાજનું કલંક કહ્યું અને એની વિરુદ્ધ મોરચો શરૂ કરવાનું આહ્વાન કર્યું.

દહેજના રાક્ષસના ત્રાસના લીધે કેટલીય નવોઢાઓ અત્યાચાર સહન કરવા કરતાં મોતને ભેટવાનું પસંદ કરે છે અને આત્મહત્યા કરી ત્રાસમાંથી મુક્ત થવાનો રસ્તો સ્વીકારે છે. આંકડા બતાવે છે કે ગત ૫ થી ૬ વર્ષમાં સ્ત્રીઓની આત્મહત્યામાં વધારો થયો છે. એની પાછળ બીજાં કારણો પણ હોઈ શકે, પરંતુ વધારે પ્રમાણ એવી ઘટનાઓનું છે કે જેના મૂળમાં કોઈને કોઈ રીતે દહેજ ઓછું લાવવાના કારણે મહેણાંટોણાં, ત્રાસ વગેરે જવાબદાર હોય છે. ગયા વર્ષે ૧૮ નવેમ્બરના એક દૈનિક પત્ર મુજબ એકલા દિલ્હી શહેરમાં ૨૫ થી ૪૪ વર્ષની વ્યક્તિઓ બળી મરી એમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા બમણી છે. દિલ્હી પ્રશાસનના આર્થિક અને આંકડાકીય વિભાગના અહેવાલ મુજબ ૧૯૮૦ના વર્ષ દરમ્યાન આગથી મરનારાઓમાં ૬૫% સ્ત્રીઓ હતી. એમાંથી મોટાભાગની ૨૫ થી ૪૪ વર્ષની ઉંમરની પરણેલી સ્ત્રીઓ જ હતી.

ઉત્તરપ્રદેશના જ એક ગામનો પ્રસંગ આને મળતો છે. ત્યાંના



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એક કુટુંબની નવોઢા પ્રેમવતીએ નજીકની નદીમાં કૂદી પડીને આત્મહત્યા કરી. બીજા દિવસે પડોશના ગામવાળાઓએ લાશ જોઈને સ્થાનિક પોલીસ ચોકીએ ખબર આપી. સાબિતી ન મળવાના કારણે પોલીસ કોઈ કાર્યવાહી કરી શકી નહીં. પ્રેમવતીનાં સાસરીવાળાં તેના લગ્નમાં મળેલાં કપડાં, દાગીના, વાસણ વગેરેથી અસંતુષ્ટ હતાં અને એને જાતજાતનો ત્રાસ આપી મહેણાં મારતાં હતાં.

લગ્નનો મૂળ હેતુ જો જાણવામાં નહીં આવે તો લગ્નસંસ્થા પ્રત્યે ભારતીય જનમાનસમાં આજે જે સન્માનની લાગણી છે તે વધારે સમય ટકશે નહીં, કારણ કે શિક્ષણ અને બુદ્ધિના વિકાસના કારણે હવે કોઈ પક્ષ આંખ મીંચીને ચૂપચાપ કોઈ પણ વ્યવસ્થાને પવિત્ર માની સ્વીકારી લે તેમ નથી.

હમણાં થોડાક દિવસો પહેલાં દિલ્હીમાં બનેલી ઘટના આવી જ વિવેકજાગૃતિનો દાખલો છે. બ્રિટનમાં રહેતી એક ભારતીય કન્યાએ લગ્ન માટે દિલ્હીના સમાચારપત્રમાં જાહેરખબર આપી. જ્યોતિષીઓને જન્મપત્રિકા બતાવી, મુહૂર્ત વિચાર, ગુણવિચાર વગેરે કરતા રહેવાનો સમય અને આકર્ષણ હવે જાગૃત વર્ગમાં રહ્યું નથી. એટલા માટે હવે તો સમાચારપત્ર જ જ્યોતિષીઓની અને છોકરા-છોકરીની શોધખોળ કરનારા સંબંધીઓની અડધી જવાબદારી માથે ઉપાડી લે છે.

છોકરી બ્રિટનવાસી છે એ જાણીને વિદેશ જવાની ઈચ્છાવાળા તેમ જ લગ્નોત્સુક સેંકડો ડોક્ટરો, એન્જિનીયરોએ જાહેરખબરના જવાબમાં પત્રો મોકલ્યા. માતાપિતાએ જમાઈની પસંદગી માટે જ્યારે પુત્રીની પસંદગી જાણવાની ઈચ્છા રાખી તો તેઓ પુત્રીના અણધાર્યા જવાબથી આશ્ચર્યચકિત બની ગયાં. તેણે ચોખ્ખું કહી દીધું કે હું આમાંથી એકેયની સાથે લગ્ન નહીં કરું કારણ કે એ બધાના પત્રો વાંચ્યા પછી મને બધામાં એક જ ઈચ્છાના દર્શન થાય છે કે તેઓ વિદેશમાં રહેવાની તક ગુમાવવા માગતા નથી. એ પરદેશલોભીઓ મારા માટે કે મારી વિશેષતાઓ માટે પ્રેમ દર્શાવતા નથી. એમની પરદેશ જવાની લાલચ પૂરી થઈ જાય પછી મારામાં રુચિ રહેશે ? તેઓ ત્યાંના



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રંગીન વાતાવરણમાં ડૂબતા રહેશે. મારે તો એવી વ્યક્તિ જોઈએ કે જે મારા ગુણોને આધારે મારી સાથે લગ્ન કરવા ઈચ્છે.

દિલ્હીની જ એક તાજી ખબર છે કે ગયા એક મહિનામાં ત્રણ સ્ત્રીઓની હત્યા તેમના પોતાના જ સંબંધીઓએ કરી નાખી. ત્રણ જુદી-જુદી હત્યાઓ પાછળનાં કારણો એક જેવાં હતાં. દહેજમાં ઓછી વસ્તુઓ મળવાથી એમનાં સાસરિયા અસંતુષ્ટ હતાં. આ તો દેશની રાજધાનીની વાત છે તેથી જાહેર થઈ. દૂર દૂરના ગામડાંમાં તો આવા કેટલાય પ્રસંગો બનતા રહે છે. હા, આ વખતે એક વાત જરૂર બની કે દિલ્હીના પ્રસંગોથી સંગઠિત થયેલ લોકબળવો જન્મ્યો અને લોકમતના વધતા દબાણના લીધે એક નવું પગલું ભરવાનો વિચાર કરવો પડ્યો અને તે એ કે સંસદમાં એક નવો કાયદો લાવવામાં આવે કે જેમાં દહેજ એ ગુનો ગણાય તથા પોલીસ એ સામે પગલાં ભરી શકે. અત્યાર સુધી એવું નહોતું. ખબર આપ્યા છતાંય પોલીસ દહેજની લેવડદેવડ માટે કશું જ કરી શકતી નહોતી. આ કાયદો થવાથી પોલીસ કેટલું અને શું કરી શકે છે એ તો ભવિષ્યમાં ખબર પડશે. પરંતુ એવું લાગે છે કે લગ્ન વખતે ભિક્ષાપાત્ર હાથમાં લઈ ઊભા રહેનાર છોકરાઓને જ્યારે છોકરીઓ જીતે જ અસ્વીકાર કરવા માંડશે અને આ પ્રવૃત્તિ મોટા પાયે ફેલાઈ જશે ત્યારે કદાચ આ ભિખારીઓમાં આત્મગ્લાનિનો ભાવ પેદા થશે. આ સ્થિતિ આવતા પહેલાં જ લગ્નના હેતુને સમજીને એનું નવું તંદુરસ્ત સામાજિક સ્વરૂપ વિકસિત કરવામાં આવે તો કેવું સારું !

જ્યાં સુધી લગ્નના આ મૂળ ધ્યેયને અનુરૂપ તેના સામાજિક સ્વરૂપનો વિકાસ નહીં થાય કે બે મિત્રો એકસાથે રહી જીવનની નાવ ચલાવે અને બંને એક બની જીવનયાત્રામાં આગળ વધે ત્યાં સુધી લગ્ન એક કામચલાઉ વ્યવસ્થા જ બની રહેશે જે અત્યારે ચાલી રહી છે, જેના દાગીના ઘસાઈને ઢીલા થઈ ચૂક્યા છે.

દાંપત્યજીવનની સફળતા ગુણ, કર્મ અને સ્વભાવની એકતા ઉપર આધારિત છે અને રહેશે. એનાથી ઓછામાં કામ નહીં ચાલે. જો બંને વચ્ચે મનમેળ ન હોય તો એક જ ઘરમાં સાથે રહેવાથી શું વળે ? ઉંદર અને બિલાડી પણ કેટલાંય ઘરોમાં સાથે જ રહે છે ને !



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આજે જો સુશિક્ષિત માતાપિતા છોકરીના જેવો જ છોકરો શોધે છે તો તે માત્ર ભૌતિક સમાનતા, ધન, ભરણપોષણ, રહેણીકરણી વગેરેની કક્ષાને ધ્યાનમાં રાખીને જ શોધે છે. પરંતુ સમાનતાનો આ આધાર તદ્દન છીછરો છે. સ્વભાવ, ગુણ અને કર્મની વિષમતા-અસમાનતા આવી ભૌતિક સમાનતાને નકામી બનાવી દે છે.

છોકરીઓના માતા-પિતાએ હંમેશાં યાદ રાખવું જોઈએ કે તેમને કન્યાદાન કરવાનું છે. દાન હંમેશાં સત્પાત્રને આપવાથી જ લાભદાયક બને છે. આ તથ્ય દરેક જણ જાણે છે. કન્યાનું દાન એવાને જ આપવું જોઈએ કે જેને કન્યાની ખૂબ જરૂર હોય. જેને છોકરી કરતાં દહેજની વધારે જરૂર હોય તેવાઓને કન્યાદાન આપવું ઉચિત નથી. એમ કરવું એ આપણી ભૂલ છે જો એ વ્યકિતને દાન આપવાની મનમાં ઈચ્છા થાય તો એને માત્ર વસ્તુએ જ દાનમાં આપી દેવી જોઈએ, પણ કન્યા આપવી એ યોગ્ય નથી. કન્યા એવાને આપો જેની એને ખરેખર જરૂર છે. જે પોતાના આત્મિક વિકાસ માટે જીવનયાત્રામાં એક સાથીદારની જરૂર અનુભવે છે તે જ કન્યાદાનને પાત્ર છે.

છોકરાઓએ જાતે અને તેમનાં માતાપિતાએ આ તથ્ય હવે બરાબર સમજી લેવું જોઈએ કે સામાજિક જાગૃતિના વિકાસના આ પગથિયામાં તેમની સંકુચિતતા તેમને સંકુચિતતા અને અવગણનાને પાત્ર બનાવશે. ઘરમાં તે કલેશ અને કકળાટનું કારણ બનશે અને તેઓ પોતે પણ સુખચેનથી રહી શેક નહીં. એટલા માટે ધન, રૂપ અથવા બીજા કોઈ ભૌતિક આકર્ષણથી લોભાઈને પસંદગી ન કરે નહિ તો તેમના પસ્તાવાનો પાર નહીં રહે. ધન અને રૂપનો માપદંડ છીછરો અને ખોટો છે. ગુણદોષના આધારે લીધેલો નિર્ણય જ સાચો હોય છે.

ખરી વાત તો એ છે કે ધન અને રૂપના આધારે કરેલી પસંદગી છીછરી છે અને ગુણ-સ્વભાવના આધારે કરેલી પસંદગી પણ અધૂરી છે. લગ્નની સફળતાનું એક માત્ર સૂત્ર છે. લગ્નોત્સુક છોકરા છોકરીઓમાં દીર્ઘદૃષ્ટિ, સદાશયતા, સદ્‌ભાવ અને સંતુલન હોય. એથી એકબીજા સાથેનો મનમેળ તૂટે નહિ. ઉદારતા, વિશ્વાસ,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આત્મીયતાની ગાઢ સંવેદના વગેરે જેનામાં હોય તે જ લગ્ન કરવા માટે લાયક છે. આ દુનિયામાં કોઈપણ સુખ કિંમત ચૂકવ્યા સિવાય મળતું નથી. લગ્નસુખની કિંમત ચૂકવવા તૈયાર હોય તેવાં છોકરાં-છોકરીઓનાં જ લગ્ન કરાવવાં જોઈએ. જે છોકરા લગ્નને દહેજના નામે મફતનું ભેગું કરવા, ઈન્દ્રિય સુખ માટે, એક સજીવ મશીન મેળવવા અને એની ઉપર અધિકારનું પ્રદર્શન કરી પોતાની આત્મહીનતાની ભાવનાને હલકી કરતા રહેવાનો બંદોબસ્ત કરતા હોય તેમણે સારી રીતે સમજી લેવું જોઈએ કે આ બધું ફક્ત મફતમાં જ મળી શકતું નથી. એની પ્રતિક્રિયા રૂપે તેની જીવનસંગિનીના મનમાં તેના પ્રત્યે તિરસ્કારની ભાવના મજબૂત બનશે. પછી ભલે તે પોતાની વાણીથીએ પ્રગટ ન કરે. પણ ગૃહસ્થ જીવનમાં આ આંતરિક અવજ્ઞા અને કડવાશની અસર પડે એ વાત ચોક્કસ છે. સાથે જ પત્નીને પોતાનાથી હલકા સ્તરની સમજવાની ખરાબ અને અન્યાયી ભાવના પતિના આત્માને પણ પાપી બનાવે છે. તે સમાજમાં ફેલાએલી આ પ્રકારની બીજી વિષમતાઓ અને અન્યાયની વિરુદ્ધ વિરોધપ્રતિરોધ કરવાનું સાહસ કરી શકતો નથી અને એ રીતે મનુષ્યની ગરિમા છે એવી તેજસ્વીતાથી તે વંચિત રહે છે. આ જ રીતે જે છોકરીઓ લગ્નને ખાવા-પીવાનું, મોજમજા કરવાનું, પહેરવા-ઓઢવાનું, ફરવાનું કે મનોરંજન કરવાનું જ સાધન સમજે છે તેમનો ભ્રમ તો લગ્ન પછી થોડાક દહાડામાં જ ભાગીને ભૂક્કો થઈ જાય છે. હલકી મહત્ત્વાકાંક્ષાના કારણે તે બીજો કોઈ જીવનક્રમની કલ્પના જ કરી શકતી નથી. અને રડતી, કકળતી ત્યાં જ પડી રહ્યા સિવાય બીજું કંઈ તેને સૂઝતું નથી.

તેથી વિવાહના આ પ્રચલિત વિકૃત માપદંડોને શક્ય એટલા વહેલી તકે બદલીને નવા યોગ્ય અને તંદુરસ્ત માપદંડને સ્વીકારવાની જરૂર છે. આમ થશે તો જ લગ્ન સંસ્થા સાર્થક અને સુખદ સિદ્ધ થશે.

આમ તો દેશમાં ભાગ્યે જ એવો કોઈ વિચારશીલ મનુષ્ય હશે કે જે દહેજની ટીકા કે તિરસ્કાર ન કરતો હોય. કોઈ નો સમર્થક નહીં હોય. આ કુપ્રથાના વિરોધમાં સભાઓ ભરીને ચર્ચા કરવામાં આવે છે. છપાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને સામયિકોમાં અવારનવાર આ વિષય ઉપર લેખો પણ પ્રકાશિત થતા રહે છે કે જેમાં દહેજથી કડવી ટીકા કરવામાં આવી હોય છે. આ ઉપરાંત દહેજ લેવું અને આપવું તેને કાયદા દ્વારા ગુનો જાહેર કરવામાં આવ્યો છે અને એમ કરનારને દંડ કરવાનું પણ નક્કી કરાયું છે.

આટઆટલું કરવા છતાંય આ ખરાબ પ્રથા એવી ને એવી જ જોવા મળે છે. પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ રીતે પણ મોટી રકમ દહેજમાં લીધા વિના છોકરીઓનો વિવાહ થવો મુશ્કેલ છે. એવું કયું કારણ છે કે દહેજપ્રથાની વિરુદ્ધ આટલો અવાજ ઊઠાવવા છતાંય તેનું નિકંદન નીકળી શકતું નથી ? દહેજ ન આપી શકવાના કારણે કેટલીય છોકરીઓને મોટી ઉંમર સુધી કું પડે છે. માગણી મુજબ રકમ ન મળવાથી લગ્ન પછી પણ કેટલોય ત્રાસ અને માર સહાન કરવો પડે છે. લાલચુઓ દ્વારા કેટલીય સ્ત્રીઓને માગણી પૂરી ન થાવથી સળગાવી દેવાની, મારી નાખવાની વગેરે ઘટનાઓ પ્રકાશમાં આવતી રહે છે. કાયમી ઉપેક્ષા, તિરસ્કાર અને મારપીટ તેમ જ ત્રાસ સહન ન કરી શકવાના કારણે કેટલીય સ્ત્રીઓને એમાંથી છૂટવા આત્મહત્યા કરવા મજબૂત બનવું પડે છે, જ્યાં આવું નથી થતું ત્યાં છોકરીનાં લગ્ન પછી એના મા-બાપને ગરીબીનો શ્રાપ લાગુ પડે છે અને એની નાગચૂડમાંથી લાંબા સમય સુધી તેઓ છૂટી શકતાં નથી. લગ્નનો મેળ ન પડવાના કારણે કેટલીય છોકરીઓ આત્મગ્લાનિની પીડામાંથી છૂટવા આપઘાત કરે છે. દહેજના કુરિવાજના કારણે દેશમાં યુવતીઓની હત્યા અને આપઘાતમાં કેટલી ઝડપથી વૃદ્ધિ થઈ રહી છે એ સમાચારપત્રોના અવલોકનથી જાણી શકાય છે. કેટલીક ચોંકાવનારી ઘટનાઓ પ્રસ્તુત છે જેમાં દહેજના લોભિયાઓની માગણી પ્રમાણે દહેજ ન મળવાથી નિર્દોષ દેવીઓને નિર્દયતા અને નિષ્ઠુરતાપૂર્વક મારી નાખવામાં આવી છે.

પલવલની નજીકમાં ૧૨ કિ.મી. દૂર આવેલા ગામ હરફલીની ૨૧ વર્ષની યુવતી શ્રીમતી શીલાદેવીની હત્યા દહેજથી રકમ ન મળવાના કારણે કરી દેવામાં આવી. શીલાના ભાઈ શ્રી જયદેવ, નવાવસિંહ અને વીરેન્દ્રસિંહે સાસરીવાળાં પર આરોપ મૂક્યો છે કે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેમની બહેનને સાસરીવાળાં દહેજના લીધે કેટલાય મહિનાથી ત્રાસ આપતાં હતાં અને છેવટે તેમણે ગળું દબાવીને તેના હત્યા કરી નાખી. ૨૬મી જુલાઈ, '૮૧ના દૈનિક ભાસ્કર'માં છપાયેલા એક સમાચાર અનુસાર બદાયુંમાં ૨૫મી જુલાઈ, '૮૧ના રોજ પંજાબી ક્વાર્ટરના નિવાસી શ્યામલાલ તથા તેના કુટુંબના બીજા સભ્યોએ મળીને નવવધૂની સળગાવીને હત્યા કરી નાખી કહેવાય છે કે પતિ-પત્ની વચ્ચે દહેજની રકમના લીધે લાંબા સમયથી અણબનાવ ચાલી રહ્યો હતો. ધન ન મળવાથી સાસરિયાઓએ યુવતીને એક ઓરડામાં પૂરી દીધી અને તેની ઉપર કેરોસીન છાંટી આગ ચાંપી દીધી. ચીસો અને પોકાર સાંભળી ફળિયામાં લોકો એકઠા થઈ ગયા. ઓરડાનો દરવાજો તોડીને યુવતીના અર્ધબળેલ શબને દવાખાને પહોંચાડ્યું. ત્યાં તેનું મૃત્યુ થયું. મરતાં પહેલાં પોલીસને આપેલ બયાનમાં તેણે સાસરિયાંઓએ તેને સળગાવી મારી હતી તેમ જણાવ્યું. તેના આ બયાનના આધારે શ્યામલાલની ધરપકડ કરવામાં આવી.

'નવભારત ટાઈમ્સ' દૈનિક અનુસાર ફરુખાબાદથી ૫૦ કિ.મી. દૂર સારિખ થાણાના પુરશેર ગામમાં પણ આ જ રીતે એક વિવાહિતાને નિર્દયતાપૂર્વક બાળી મૂકવામાં આવી હતી. મૃત્યુ પામેલી યુવતીના ભાઈએ પોલીસ સ્ટેશને ફરિયાદ કરી કે તેની બહેનનું લગ્ન ૫ થી ૬ વર્ષ પહેલાં શ્રવણકુમાર નામના એક યુવાન સાથે થયું હતું. હત્યાના દિવસે તેની બહેનને મારીને એક ઓરડામાં પૂરી દીધી અને કેરોસીન છાંટી આગ ચાંપી દીધી. તેથી તેનું મૃત્યુ થયું. હત્યાનું કારણ દહેજ ન મળવાનું બતાવાયું હતું. દૈનિક પેપર 'હિન્દુસ્તાન'માં જુલાઈ '૮૧માં એક આવી જ ઘટના પ્રકાશિત થઈ હતી. મરનાર યુવતીના ભાઈએ પોલીસમાં ફરિયાદ આપી કે તેની બહેનનાં સાસરિયાં સોનાની ચેઈન અને એક ગાયની માગણી કરતાં હતાં. મારી સ્થિતિ એ આપવા યોગ્ય ન હતી. આથી નારાજ થઈને એ લોકોએ મારી બહેનને સળગાવી મૂકી.

સહારનપુરમાં ૨૯મી ઓગષ્ટના દિવસે પોલીસમાં ફરિયાદ આપવામાં આવી કે ખાન આલતપુરા મહોલ્લામાં એક ૧૬ વર્ષની નવવિવાહિતા ફુલબાનુને શરીર પર પેટ્રોલ છાંટી બાળી મૂકવામાં આવી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. મૃત્યુ પામેલી દીકરી સમક્ષ રોતી કકળતી તેની માએ કહ્યું કે એ છોકરાએ અમારી પાસે સ્કૂટર તથા સોનાના દાગીનાં માગ્યા હતા. આર્થિક મુશ્કેલીના કારણે અમે એ આપી શકયાં ન હતાં. એટલે જ એ લોકોએ મારી દીકરીને નિર્દયતાપૂર્વક મારી નાખી છે.

૧લી જુલાઈના રોજ રૂડકીની સ્થાનિક પોલીસે એક ૨૧ વર્ષની નવવિવાહિતાની હત્યા દહેજ ન મળવાના કારણે કરવાના આરોપસર સસરા, સાસુ, પતિ અને દિયર વગેરેને ગિરફતાર કરી લીધાં. પોલીસના જણાવ્યા અનુસાર યુવતી રાજબાલ ઉપર તેનાં ઘરવાળાં માતાપિતા પાસેથી સ્કૂટર માગવા માટે દબાણ કરતાં હતાં. એક દિવસ એ જ વાત ઉપર રાજબાલને એમણે એટલી બધી મારી કે તે મરી ગઈ. ભેદ ખુલી ન જાય એ માટે રાત્રે છાનામાના ચૂપચાપ લાશને ગંગાની નહેરમાં ફેંકી દીધી. પછી રાજ ગુમ થવાની અફવા ફેલાવી, પોલીસે શબને નહેરમાંથી મેળવ્યું તથા હત્યાના આરોપમાં ઘરવાળાંની ધરપકડ કરી જેલમાં મોકલી દીધાં.

૨૯ મે ૧૯૮૧ના 'હિન્દુસ્તાન' દૈનિકમાં પ્રકાશિત સમાચાર મુજબ મુંડાવર કસ્બામાં એક સ્ત્રીને ગરમ ચીપિયા અને લોખંડનાં સળિયા ખોસીને સસરા અને દિયરે હત્યા કરવાનો પ્રયત્ન કર્યો. આરોપ એવો છે કે લગ્ન પ્રસંગે ભગવતીના સંબંધીઓ પાસેથી માગણી મુજબનું ધન ન મળવાથી એને ત્રાસ આપવાનું શરૂ કર્યું. એમની નિર્દયતા એટલી હદ સુધી પહોંચી કે એક દિવસ તેને ગરમ સળિયાના પ્રહારોથી બેહોશ કરી દીધી. અંતિમ ક્ષણોમાં ખબર મળતાં જ ભગવતીનાં માતાપિતાએ તેને હોસ્પિટલમાં દાખલ કરી. કેટલાય દિવસો સુધી સારવાર કરવામાં આવી ત્યારે મહામહેનતે જીવ બચ્યો. ભગવતીના ભાઈએ પૂરી વિગત સાથે રડતાં રડતાં પોલીસ સ્ટેશને ફરિયાદ કરી. એના આધારે પોલીસે સંતાઈ ગયેલા એ બધા લોકોને ગિરફતાર કરી લીધા અને જેલમાં મોકલી દીધાં.

દહેજના કારણે હત્યા કરવાના આરોપમાં મેરઠના પ્રતિભાશાળી સેશનજજ શ્રી જી. કે. માથુરે મૃત શ્રીમતી કુસુમની સાસું સાવિત્રીની જામીનગીરી લેવાનો ઈન્કાર કરી દીધો.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

'હિન્દુસ્તાન' દૈનિકમાં છપાયેલી વિગત પ્રમાણે ૭મી જૂન, ૧૯૮૧ ના રોજ કુસુમે પોતાના પિતાને એક પત્ર લખીને જાણ કરી કે સાસરીવાળા કાયમ પૈસાની માગણી કર્યા કરે છે. ૧૦મી જૂને તેના પિતા વસ્તુસ્થિતિની જાણકારી મેળવવા માટે કુસુમને ઘેર આવ્યા. પણ તે પહેલાં જ ૯મી જૂને કુસુમ અગ્નિની જવાળામાં સાફ થઈ ગઈ હતી. સહારપુરના મજૂર નેતા શ્રી સરદાર લાભસિંહ જખ્મીએ પોતાની ૩૦ વર્ષની પુત્રી ભૂપિન્દ્ર કૌરને બાળી નાખવામાં આવી હતી તેવું વિવરણ આપ્યું છે. સરદાર લાભસિંહના છપાયેલા વકતવ્ય મુજબ " મારી પુત્રીએ કેટલીયવાર મને કહ્યું હતું કે પૈસાનો લોભી એવો તેનો પતિ તથા કુટુંબના બીજા સભ્યો કોઈક દિવસ તેની હત્યા કરી નાખશે." મને કલ્પના પણ નહોતી કે આવું ય થઈ શકે છે. પરંતુ મારી દીકરીનો વહેમ સાચો નીકળ્યો. એક મિત્ર મારફતે ખબર મળી કે મારી પુત્રી કુસુમની તેનાં ઘરવાળાંએ હત્યા કરી નાખી છે. જઈને જોયું તો બૂપિન્દ્ર કૌરના બળેલા શરીરને બાંધીને મોટર મારફતે કોઈ અજાણ્યા સ્થળે લઈ જવામાં આવી રહ્યું હતું. મારું હૃદય રડી પડયું. પુત્રીની હૃદય હચમચાવી નાખતી સ્થિતિ જોઈને હું મોટરની આગળ સૂઈ ગયો. ત્યાં સુધીમાં બીજા પડોશીઓ ભેગા થઈ ગયા. વાતાવરણ બગડતું જાણી મારો જમાઈ અને તેના સાથીદારો અર્ધબળેલા શરીરને છોડી નાસી ગયા. હજુ મારી પુત્રીના હૃદયની ધડકન ચાલતી હતી. તેને લઈને જલ્દી હોસ્પિટલ પહોંચ્યા. ખૂબ પ્રયત્નો કરવા છતાંય તે બચી શકી નહિ. આ ઘટના 'પંજાબ કેસરી'ના ૨૯મી સપ્ટેમ્બર ' ૮૧ ના અંકમાં પ્રકાશિત થઈ હતી.

ખંડવા (મ.પ્ર.)ના સત્રન્યાયાધીશ શ્રી વી. એલ. શ્રીવાસ્તવે મુંદીની જગદીશ શાસ્ત્રી નામની વ્યક્તિને પોતાની પત્નીને સળગાવી મારવાના ગુનાસર દોષિત ઠરાવી આજીવન કેદની સજા કરી છે. મળતા સમાચાર મુજબ કમલેશ નામની યુવતીનાં લગ્ન જગદીશ સાથે થયાં હતાં. લગ્નમાં દહેજ ઓછું મળવાથી જગદીશનાં માબાપ તથા જગદીશ જાતે પણ કમલેશને ત્રાસ આપતો હતો. ૧૦મી નવેમ્બર ૧૯૮૦ ના રોજ પેટ્રોલ છાંટીને જગદીશે પત્નીને સળગાવી દીધી. પડોશીઓએ


Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેને દવાખાને દાખલ કરી પણ તે બચી શકી નહીં. મરતા પહેલાં કમલેશે આપેલા બયાનમાં પતિ જગદીશને પેટ્રોલ છાંટી સળગાવવા માટે દોષિત બતાવ્યો હતો.

નવી દિલ્હીના વધારાનાં સત્ર ન્યાયાધીશ શ્રીમતી સંતોષ દુગ્ગલે પુત્રવધૂને જીવતી સળગાવી દેવાના આરોપસર બે સાસુઓને આજીવન કેદની સજા કરી. ૨૧ વર્ષની હરદીપ કૌરને બંને ગુનેગાર સ્ત્રીઓએ તેના શરીરે કેરોસીન છાંટી આગ ચાંપી હતી. હરદીપ કૌરને ૧૦ માસનું એક નવજાત બાળક પણ હતું કહેવાય છે કે પુત્રવધૂને મારવા પાછળ એ સ્ત્રીઓનો આશય એ હતો કે પુત્રનું લગ્ન કોઈ ધનાઢય ઘરમાં પહેલાં નક્કી કર્યા મુજબ કરવું હતું.

દહેજના કારણે ત્રાસનો શિકાર બનતી સ્ત્રીઓને તેમાંથી મુકત થવાનો એકમાત્ર ઉપાય આત્મહત્યા જણાય છે. છેલ્લાં કેટલાંય વર્ષોથી યુવતીઓ દ્વારા આત્મહત્યાના પ્રસંગોમાં ભારે વધારો થયો છે. એનું મુખ્ય કારણ દહેજ છે મળતા આંકડા મુજબ ૧૯૭૬માં ૨૬૦૦ સ્ત્રીઓએ આપઘાત કર્યા હતા. ૧૯૭૭માં ૨૭૦૦, ૧૯૭૮માં ૩૨૦૦, ૧૯૭૯માં ૩૫૩૦ આપઘાતના કિસ્સા પ્રકાશિત થયા હતા. ૧૯૮૦માં ૪૦૦૦ ઘટનાઓ નોંધાઈ હતી. અર્થાત્ ૧૯૭૬ થી ૧૯૮૦ સુધીમાં આ કિસ્સાઓમાં ૫૦ ટકાનો વધારો થયો છે.

વિચારણીય બાબત એ છે કે કાયદા દ્વારા દહેજને ગુનો જાહેર કરવામાં આવ્યો છે તેમ જ દરેક જગ્યાએથી વિરોધનો અવાજ ઊઠવા છતાં પણ દહેજ પ્રથા નિર્મૂળ કેમ થતી નથી ? એના પરિણામે માસૂમ સ્ત્રીઓને દર વર્ષે દહેજની વેદી પર પોતાનું બલિદાન આપવું પડે છે. હત્યાનું અને આત્મહત્યાનું પ્રમાણ હંમેશાં વધતું રહે છે. આ બાબતમાં ભારતીય સમાજનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરવું જરૂરી છે.

એક મુશ્કેલી એ છે કે છોકરીના લગ્નમાં જેઓ દહેજની રકમ આપે છે. તેઓ જાતે પણ પોતાના છોકરાના લગ્નમાં વ્યાજ સાથે મુદ્દલ વસુલ કરવાનું ઈચ્છે છે. ખરેખર એવું થવું જોઈએ કે વરપક્ષવાળાઓએ દહેજપ્રથાને દૂર કરવાની પહેલ કરવી જોઈએ. પણ લોભનો પ્રસંગ આવતાં જ તેઓ કન્યાપક્ષની મુશ્કેલી ભૂલી જાય છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કન્યાપક્ષની પણ ઓછી ભૂલ નથી. લગ્નમાં ધનને વધુ પડતું મહત્ત્વ અપાય છે. કન્યાપક્ષના લોકો એવા છોકરાની તપાસ કરે છે જે વધારે પૈસાવાળો હોય અથવા કોઈ મોટા હોદ્દા પર હોય. ગુણ, કર્મ, સ્વભાવ અને સંસ્કાર જેવી સ્થાયી તથા દાંપત્યજીવનને મધુરતાપૂર્ણ અને સદ્‌ભાવથી ભરેલું રાખનારી વિશેષતાઓ પર ધ્યાન આપવામાં આવતુ નથી. પરિણામે એ માનવીય ગુણો વગરના છોકરાઓ સાવ નિર્દય અને નિષ્ઠુર નીકળે છે. એમની દૃષ્ટિમાં ધનનું મહત્ત્વ સૌથી વધુ હોય છે. જે રીતે તે પ્રાપ્ત થાય એ રીતે મેળવવા પ્રયત્ન કરતા રહે છે. એ માટે દહેજ એક શ્રેષ્ઠ રસ્તો છે એવું એમને લાગે છે. કેટલીયવાર આવા સંપન્ન લોકોની દૃષ્ટિ એવી રહે છે કે ઘરમાં આવેલી નવવધૂ કોઈ રીતે મરી જાય તો કોઈ નવી શ્રીમંત ઘરમાં સંબંધ બાંધીને દહેજમાં મનપસંદ સંપત્તિ મેળવી શકાય. ત્રાસ આપવાનો, સળગાવી મૂકવાનો અને મારવાનો મનોવૈજ્ઞાનિક આધાર આ જ છે. ખેર, દોષ બંને પક્ષનો છે. આ હૃદયવિદારક પ્રસંગો માટે વરપક્ષ તો જવાબદાર છે જ, સાથે સાથે કન્યાપક્ષ પણ એટલો જ દોષિત છે. કન્યાપક્ષ દ્વારા દાગીના, કિમતી કપડાંની માગણી થાય છે તે પણ અનિચ્છનીય છે. આડકતરી રીતે એ દ્વારા પણ દહેજપ્રથાને ઉત્તેજન મળે છે.

સમયની માગ એ છે કે આ જંગલી અને રાક્ષસી પ્રથાને નિર્મૂળ કરવા માટે બંનેય પક્ષ સમાનરૂપે વિચારે તથા પ્રયત્ન કરે. જરૂર એ વાતની પણ છે કે તંદુરસ્ત અને આદર્શ લગ્નના ફેલાવા માટે છોકરા અને છોકરીના ગુણ, કર્મ અને સ્વભાવને મહત્ત આપવામાં આવે.

## લગ્નના ગાંડપણમાં બિનજરૂરી ખર્ચ બંધ કરો

આજકાલ હિંદુ સમાજમાં લગ્નક્રિયા એટલી ખર્ચાળ, ગુંચવણભરેલી અને મુશ્કેલ બની ગઈ છે કે તેને મોટી આફત માનવામાં આવે છે. જે પિતાએ જેટલાં સંતાનોનાં લગ્ન કરી લીધાં એટલી તેણે જાણે યુદ્ધમાં જીત મેળવી હોય એટલા ગર્વ અને સંતોષનો તે અનુભવ કરે છે. બાળકના જન્મની સાથે તેના લગ્નની ચિંતા વધે છે. આમ તો છોકરો કે છોકરી બંનેનાં લગ્નો ખર્ચાળ છે. કોઈક સમાજમાં છોકરાવાળા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઉપર ભાર આવે છે તો કોઈકમાં છોકરીવાળા ઉપર. ઉજળિયાત ગણાતી જ્ઞાતિઓમાં કન્યાપક્ષને ખૂબ ખર્ચ કરવો પડે છે. વરપક્ષ પણ ખર્ચમાંથી બચી શકતો નથી. 'લૂંટના માલના અનેક સાથીદાર' એ કહેવત મુજબ અનેક મફતિયા આ લૂંટના સાક્ષી બની જાય છે. એ ય એનાથી કાંઈ ફાયદો મેળવી શકતા નથી. જાન, આતશબાજી, સાજસજાવટ, બેન્ડવાજાં, સવારી વગેરેની ધૂમધામ ફકત બે-ત્રણ દિવસની રોનક બનાવી ભૂતકાળમાં ખોવાઈ જાય છે. ભેટરૂપે એકપક્ષ દ્વારા જે ખાવાપીવાની વસ્તુઓ આપવામાં આવી હતી તે ઘેરઘેર પહોંચતાં વહેંચાઈને ખલાસ થી જાય છે. આ થોડાક ટુકડા લેનારનું પણ કાંઈ ભલું થતું નથી. પોતાના ઘેર ન રહ્યું અને બીજાને ય કામ ન લાગ્યું એવું મૂર્ખાઈ ભરેલું ઉદાહરણ લગ્ન વખતે આવતી ભેટો, ખાદ્યપદાર્થો, વસ્ત્રો, વાસણો વગેરે સ્વરૂપે જોઈ શકાય છે. જે રોકડ રકમ આપવામાં આવે છે. એનાથી અનેકગણું અન્ય સામાન તથા સાધનો રૂપે આપવામાં આવે છે. ફર્નિચર, વાસણો, રમકડાં, કિંમતી કપડાં અને દાગીના, રેડિયો, શૃંગાર અને પ્રસાધનની વસ્તુઓ વગેરે ખરીદવામાં ઘર ખાલી થઈ જાય છે અને જ્યાં આપવામાં આવે છે ત્યાં તે વસ્તુઓની એટલી બધી જરૂર હોતી નથી. જરૂરી વસ્તુઓ તો દરેક ઘરમાં પહેલેથી હોય છે જ, તેથી એવી વસ્તુઓ આપવાથી સગવડ કરતાં અગવડ જ વધે છે. નકામી જગ્યા રોકાય છે અને છતાં સમાજ હસે તેથી એ વસ્તુઓ વેચી શકાતી નથી.

રોકડમાં મળનાર દહેજ લગ્નમાં થતા કુલ ખર્ચનો લગભગ ચોથો ભાગ હોય છે. તેનો ત્રીજો ભાગ તો ભોજન સમારંભ, સજાવટમાં, ગાવાબજાવામાં, મહેમાનોની સરભરામાં, આતશબાજી, ફર્નિચર, ભેટસોગાદ, દાગીના અને કિંમતી કપડાંના રૂપમાં જ ખર્ચાઈ જાય છે. જે થોડું ઘણું સામા પક્ષ તરફથી મળ્યું હતું તેનાથી પણ વધારે રોકડું ખર્ચ એ પક્ષને થાય છે કરાણ કે સામાપક્ષને પ્રસન્ન કરવો પડે છે. આ પ્રમાણે જોતાં લાભ મેળવનાર પક્ષ પણ હકીકતમાં તો નુકસાનમાં જ જાય છે, કારણ કે એને જે મળ્યું હતું તેનાથીય વધારે બીજા પક્ષની શોભા તથા સંતોષ માટે ગુમાવી દેવું પડે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઉજળિયાત લોકો-બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, કાયસ્થ વગેરે જ્ઞાતિઓમાં કન્યાપક્ષને ત્રાસ વેઠવો પડે છે. વરપક્ષની ખુશામદ માટે તેને આર્થિક નુકસાન સહન કરવું પડે છે. પછાત લોકો જેને અછૂત, આદિવાસી, વનવાસી પહાડી, પછાત વગેરે કહીએ છીએ એ જ્ઞાતિઓના લોકોમાં વરપક્ષને કન્યાપક્ષવાળાઓને ખુશ કરવા માટે આર્થિક નુકસાન સહન કરવું પડે છે. છતાંય સરવાળે જેને કમાણી માનવામાં આવતી હતી તે હકીકતમાં નુસાની જ જણાય છે. એકપક્ષના માથે એકબાજુનો ખર્ચ તો બીજાપક્ષના માથે બીજી રીતનો ખર્ચ. એકને એક જરૂરિયાત પૂરી કરવી પડે છે તો બીજાને બીજી જરૂરિયાતો પૂરી કરવા મજબૂર થવું પડે છે. ઉજળિયાત લોકોમાં છોકરીવાળાને જાનની સરભરાનું તથા ભોજન વગેરેનું ખર્ચ ઉઠાવવું પડે છે તો વરપક્ષને જાનમાં આવનાર માણસોને ખવડાવવાનું અને વાહનોમાં બેસાડી લઈ જવાનું તેમજ આતશબાજી, બેન્ડવાજા, રોશની વગેરે સાથે જાનને કન્યાના માંડવા સુધી લઈ જવામાં લગભગ એટલું જ ખર્ચ થઈ જતું હોય છે કે જેટલું કન્યાપક્ષને થાય છે. કન્યાપક્ષવાળા જેટલું દહેજ આપે છે એટલા જ પ્રમાણમાં કન્યા માટે કિંમતી કપડાં, દરદાગીના વગેરે આપવાં પડે છે. પછાત લોકોમાં દારૂ, માંસ, ભોજન, નાચગાન વગેરેના ખર્ચ પોતાની આર્થિક સ્થિતિ હોય કે ન હોય તો ય કન્યાપક્ષે કરવો પડે છે અને વર પક્ષ બિચારો કશું ય ઘરમાં રાખી શકતો નથી. બીજાના સળગતા છાપરાથી તાપનારા લોકો ત્યાં ભેગા થયા છે અને મડદા પર મહેફિલ માનનારાં ગીધડાંની જેમ પોતાનો હેતુ સિદ્ધ કરવા પોતાનો રસ્તો શોધે છે. બીજાને માથે પડી કેટલાય દિવસો સુધી લહેરપાણી કરી, ખાઈપીને મોજમજા કરનારા કામધંધા વગરના લફંગા જ ખાસ કરીને નાતના પટેલ યા પંચ બની જઈ તે બરબાદીનો રસ્તો વધારે સુંદર બનાવવામાં પોતાની પૂરેપૂરી ચાલાકી વાપરે છે. વાત બગડી જશે, નાક કપાશે વગેરે વાતો આ લોકો જ ફેલાવે છે. તેથી સામાન્ય મનોબળવાળો અને ઓછી વિચાર શકિતવાળો માણસ ગભરાઈ જાય છે. તે બરબાદીમાંથી બચવા આગળપાછળનો વિચાર કર્યા વગર નાક કપાવવાનું કે વાત વણસવા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નહિ દેવાનું જ ઉચિત માને છે.

આવા જ વાતાવરણમાં હિન્દુ સમાજમાં લગ્નો થાય છે. બાહ્ય નાચગાન અને દહેજમાં કુટુંબ બરબાદ થાય છે તે કોઈને નજરમાં નથી આવતું. અંદર અંદર હાહાકાર ચાલતો રહે છે. આ સ્થિતિની સરખામણી પશુબલિના ઉત્સવ સાથે કરવામાં આવે છે. એક બાજુ અસહાય જાનવર પોતાનો પ્રાણ જવાની પીડાથી ત્રાહિમામ્ પોકારી ઊઠે છે તથા આંસુ પાડતું ઘસડાતું જાય છે અને બીજી બાજુ કપાતી ગરદન, લોહીની ધાર તેમ જ હૃદયવિદારક ચીસનો ધ્વનિ સાંભળવા તથા કમકમાટીભર્યું દશ્ય જોવા ભેગી થયેલી ભીડની જેમ નાચ અને ગાયન એમ બંને મુશ્કેલીઓ જોડાજોડ ચાલે છે. કરુણા અને નરાધમના તથા કુટિલતા અને આનંદની એકબીજાથી વિરુદ્ધ પ્રવૃત્તિઓ પશુબલિના ઉત્સવ સમયે જોઈ શકાય છે. આનો બીજો દાખલો જોવો હોય તો કોઈ હિન્દુ સમાજનાં લગ્નોમાં જઈને જોઈ લો. બરબાદીનો પાયો નંખાતો જોઈને શોષિત પક્ષ અને નાક કપાવાની બીક બતાવનાર શોષક પક્ષ એકબીજાથી અલગ પરિસ્થિતિમાં હોય છે. છતાંય બહારથી માથા પર ગુલાલ ઉડાડતા વેવાઈઓ ભેટની રકમો આપી પ્રેમ વ્યક્ત કરે છે, પણ તેનો આત્મા કહે છે કે આ નરાધમ વેવાઈનું પેટ છરીથી ચીરી નંખાય તો સીરું. સ્કૂટર કે ફ્રિજ માટે મોં ફુલાવીને ઉભેલા જમાઈની ખુશામતમાં કન્યાના પિતા હાથ જોડીને ઊભા રહે છે. એને ગમે તે રીતે બાંધછોડ કરીને વિનયપૂર્વક બનાવે છે. પણ એમનો આત્મા કહે છે કે આવા ક્રૂર જાનવરને છોકરી આપવા માટે લાચાર થવું પડયું ન હોત તો કેરેસીન છાંટીને સળગાવી દેવો વધારે સારું હતું.

આપણો દેશ સંસારના સૌથી પછાત અને ગરીબ દેશોમાંનો એક છે. આજીવિકાનાં સાધનો ઓછાં છે. મુઠ્ઠીભર લોકો સિવાય બીજા બધાને ગરીબોની જેમ રહેવું પડે છે. કમરતોડ મોંઘવારીમાં ઈમાનદારીની કમાણી પર જીવનારને પોતાના કુટુંબનો નિર્વાહ કરવાનું અને શિક્ષણ તથા સારવારની જરૂરિયાતો પૂરી કરવાનું મુશ્કેલ બને છે. પછી બચતની તો વાત જ કયાં રહી ? જો કદાચ થોડી ઘણી બચત થાય તો તેમાંથી કુટુંબની પ્રગતિનાં સાધનો મેળવીને સ્થિરતા તથા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રગતિ સાધી શકે. ચોક્કસ રીતે તો આપણા દેશમાં સરેરાશ આવક એટલી બધી નથી કે કોઈ લગ્નોમાં થતાં ધૂમ ખર્ચને યોગ્ય ગણાવી શકે. લગ્નમાં એક કુટુંબ ખર્ચ કરે તે પૈસો બીજાને ત્યાં જતો હોય તો તો ઠીક પણ આ તો બંનેય કુટુંબ ખાલી થઈ જાય છે. કોઈના હાથમાં કશું આવે નહિ અને સામાન્ય મૂર્ખતાના કારણે બંને પક્ષ આર્થિક મુશ્કેલી અને એનાથી ઉત્પન્ન થતી વિભીષિકામાં બૂરી રીતે સંડોવાઈ જાય તેમાં કોઈપણ પ્રકારની ઉચિતતા નથી. છતાંય એણે આખા સમાજને ભરડો લીધો છે. એથીય વધારે ।શ્ચર્યની વાત એ છે કે લગ્ન વખતે કરવામાં આવતું ગાંડપણ ખરેખર નુકસાનકારક છે. અને દુર્બુદ્ધિના કારણે ઊભું થાય છે એવું દરેક જણ જાણે છે છતાં લોકોએ ખાડામાં પડી મરે છે અને એને પકડી રાખે છે. લોકોમાં એટલું સાહસ નથી રહ્યું કે અંધ પરંપરાના નામે સત્યાનાશ કરનારા આ કુરિવાજને સાવરણીથી વાળીને કૂવામાં ફેંકી દે અને સાદગીપૂર્વક વગર ખર્ચે આદર્શ લગ્નની પરંપરા શરૂ કરે. વિશ્વભરમાં લગ્નો થાય છે એમને એક નાના કૌટુંબિક ઉત્સવની જેમ પોતાની સ્થિતિને અનુરૂપ ખૂબ સાદાઈથી ઉજવવામ આવે એ જરૂરી છે. બે કુટુંબના અતિ ગાઢ ઈષ્ટ મિત્રો મળીને નાની સરખી ચા નાસ્તાની પાર્ટી યા તો આનંદદાયક પિકનિક તે દિવસે કરે અને બે-ચાર કલાકમાં ઉત્સવ ઉજવાઈ જાય. આપણા દિલને ખટકે એટલું બધું ખર્ચ પણ થતું નથી. આપણે પણ દુનિયામાંથી કંઈક શીખવું જોઈએ અને ગરીબ હોવા છતાં રાજા જેવો ખર્ચ કરીને પોતાની બુદ્ધિનું દેવાળું ફૂંકવું ન જોઈએ.

એ નક્કી છે કે ભવિષ્યમાં લગ્નના ગાંડપણનું મૂળ આપણા સમાજમાંથી સંપૂર્ણપણે કપાઈ જવાનું છે. ઘર ફૂંકી મારીને તમાશો જોવાની વાત હવે ઘરઘરમાં થતી રહે તે શક્ય નથી. આગામી દિવસોમાં વિચારશીલ લોકોનો એક મોટો સમૂહ આગળ આવશે અને આ મૂર્ખતાને પગ તળે કચડી નાખશે. આપણો આખો સમાજ બેઈમાન અને ગરીબ બનતો જાય છે બાળકોનાં લગ્ન તો કરવાં જ પડશે. એ માટે ઢગલાબંધ રૂપિયા જોઈએ આપણા દેશમાં ઈમાનદારીથી પેટપૂરતું કમાવા માટેની પરિસ્થિતિઓ જ નથી તો પછી આવા કુરિવાજોમાં હોળી કરવા માટે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ખૂબ ધન ક્યાંથી લાવવું જે ઉપાયોથી એ ભેગું કરવામાં આવે છે તેનાથી બેઈમાની અને ગરીબી વધી જાય છે. આપણો દેશ ભલે ગમે તેટલું ઉત્પાદન કરે, પણ જો લગ્નોમા થતો ખોટો ખર્ચ બંધ કરવામાં ન આવે તો હજારો વર્ષો સુધી પણ ગરીબી દૂર નહીં કરી શકીએ. મજબૂરી આપણા આખા સમાજને દિવસે દિવસેન્વધારે બેઈમાન અને વધારે ગરીબ બનાવી રહી છે. જો આ જ ક્રમ ચાલતો રહેશે તો પોતાના ચારિત્ર્યનો વિકાસ થઈ શકે નહીં. આપણું ભવિષ્ય અંધકારમય બનતું જાય છે. વિશ્વભરના દેશોથી પ્રગતિની હોડમાં આપણે ઘણા પાછળ પડી જઈશું.

## લગ્નોમાં થતા નુકસાનનો વિરોધ કરવામાં આવે

જો આર્થિક આધાર પર લગ્નના દોષોને અલગ પાડવામાં આવે તો જણાશે કે આ શુભ પ્રસંગ કોઈક કુટુંબને ગુપ્ત રીતે તો બરબાદ જ કરે છે. આદર્શવાદી માન્યતા સાચી છે કે જીવનને માટે પૈસા જ સર્વસ્વ નથી. પરંતુ સાથે સાથે એ તથ્યને ય નકારી શકાય નહીં કે પૈસાના આ જમાનામાં વ્યકિત, કુટુંબ, સમાજ ને રાષ્ટ્રની જીવન વ્યવસ્થાનો આધાર પૈસો જ છે. આર્થિક સ્થિતિ સારી હોય તો જીવનધોરણ અને વિકાસની વ્યવસ્થા સારી રીતે પૂરી થાય છે અને જો તે હચમચી જાય તો મુશ્કેલીઓ ઉત્પન્ન થાય છે. અસાધારણ મહાપુરુષોની વાત જુદી છે. તેઓ મુશ્કેલ સ્થિતિમાંય પોતાના આદર્શોને વળગી રહે છે અને પોતાની મનઃ સ્થિતિ મજબૂત બનાવી રાખે છે. પરંતુ સામાન્ય લોકો આમ કરી શકતા નથી. તેમના સંતુલન માટે આર્થિક મજબૂતી અનિવાર્ય છે. અત્યારે થતાં લગ્નોમાં આ આધાર એક રીતે તૂટી જાય છે. ખોટા ખર્ચને કારણે લાંબા ગાળાની ગરીબી નસીબમાં લખાઈ જાય છેઅને કાળક્રમે વ્યકિતની ગરીબી સમાજ અને રાષ્ટ્રને નિર્બળ બનાવે છે.

ભારતની હાલની વસ્તી સાડા સડસઠ કરોડની છે. સરેરાશ આઠ વ્યકિતઓનું કુટુંબ માનવામાં આવે તો કુલ કુટુંબોની સંખ્યા આઠ કરોડ ચાલીસ લાખ થાય છે. ધારો કે ત્રણ કુટુંબ પાછળ દર વર્ષે એક લગ્ન થાય તો દેશમાં થનારાં કુલ લગ્નોની સંખ્યા ૨ કરોડ ૮૦



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લાખ જેટલી થાય. પોતાની સ્થિતિ કરતી બંને પક્ષો વધારે ખર્ચ કરે છે. એક લગ્નમાં ઓછામાં ઓછા ૫ હજાર અને વધારેમાં વધારે ૨ લાખ રૂપિયા ખર્ચ કરવામાં આવે છે. ખાનપાન, સજાવટ, લેણદેણ, ભેટસોગાદ વગેરે પાછળ ખર્ચાતી રકમ આશરે ૧૦ હજાર ગણીએ તો દર વર્ષે થનારાં ૨ ક્રોડ ૮૦-લાખ લગ્નોમાં થતો ખર્ચ ૨ અબજ ૮૦ કરોડ થાય છે. આટલા બધા ધનની હોળી દરવર્ષે લગ્નના ગાંડપણ પાછળ કરવામાં આવે છે.

ખરેખર તો લગ્ન એ બે આત્માઓના મિલનનો એક પવિત્ર પ્રસંગ છે. આ ક્રિયા ધાર્મિક વાતાવરણમાં સગાસંબંધીઓની હાજરીમાં સાદગી પૂર્વક થાય એ ઉચિત અને આવશ્યક છે. વાતાવરણને વધારે ને વધારે ધાર્મિક અને આધ્યાત્મિક ભાવોથી ભરેલું રાખવું શ્રેયસ્કર છે. પરંતુ તેમને નાણાંનો બગાડ લગ્નના મહત્ત્વને ઘટાડી દે છે. તે દરેક દષ્ટિએ નુકસાનકારક છે. લગ્ન એક એવું સરળ ધાર્મિક કામ છે જેમાં બે આત્માઓ બંધનમ બંધાઈને જીવનલક્ષ્યની પ્રાપ્તિ માટે તૈયાર થાય છે. આમાં કોઈ અસામાન્ય બાબત નથી કે જેના માટે એટલો બધો ખોટો ખર્ચ કરવાની જરૂર પડે.

બીજા દેશોમાં પણ લગ્નો થાય છે, પરંતુ સામાન્ય રીતે જ તે સંપન્ન કરવામાં આવે છે. એક નાના સમારંભમાં ચાલુ સ્થાનિક ક્રિયાએ મુજબ પાંચદસ વ્યક્તિઓની હાજરીમાં વરવધૂ દામ્પત્યજીવનના બંધનમ બંધાઈ જાય છે. એમાં નથી કોઈ જાતની અસ્વાભાવિકતા કે નથી કોઈ પ્રકારનું પ્રદર્શન. આવાં સાદાં લગ્નોથી વડીલો ઉપર કોઈ આર્થિક બો જો પડતો નથી કે નથી પડતો નવદંપતિ ઉપર. પરિણામે ધનના ખોટા ખર્ચ ની શકયતા રહેતી જ નથી. પરંતુ આપણા દેશમાં પરિસ્થિતિ આનાથી તદ્દન ઊંધી છે. કેટલાય લોકો વ્યાજે પૈસા લઈ, મિલકત ગીરવે મૂકીને, અથવા તે વેચીસાટીને પણ ખોટો ખર્ચ કરવાની મૂર્ખતાભરી પરંપરાનું આંધળુ અનુકરણ કરે છે.

દેશને સ્વતંત્ર થયે ૩૭ વર્ષ થઈ ગયાં, કેટલાય રાષ્ટ્રીય કાર્યક્રમો થયા છતાંય હજુ દરેક વ્યકિતને જીવનનિર્વાહનાં પૂરતાં સાધન આપી શકાય એવી સ્થિતિ આવી નથી. ૫૦ ટકા વસ્તી હજુ પણ ગરીબીની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રેખા નીચે જીવે છે એમાંથી કેટલાયને એક જ વખત ભોજન મળે છે. ૮૦ ટકા લોકો હજુ પણ નિરક્ષર છે. નિરક્ષરતાના કારણે એમને કેટલીય સમસ્યાઓનો સામને કરવો પડે છે. આવી સ્થિતિમાં દર વર્ષે કરોડો રૂપિયાનું ધન લગ્નના ગાંડપણ પાછળ ફૂંકી મારવાનું કેટલું વિવેકયુકત છે ? આપણા દેશનું બજેટ ૯૯ અબજ ૬૦ કરોડ રૂપિયા છે. લગ્નોમાં દર વર્ષે થતા ખોટા ખર્ચ રકમ વાર્ષિક બજેટથી પાંચગણી વધારે હોય છે. છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં નાના ગૃહઉદ્યોગો પાછળ ખર્ચાનારી રકમ ૨ બજ ૮૬ કરોડ હતી. ઉપરોકત ખોટા ખર્ચની રકમ બચાવીને જો લઘુઉદ્યોગોમાં વાપરવામાં આવે તો થોડાંક જ વર્ષોમાં આખા દેશની બેકારીની સમસ્યાનો ઉકેલ આવી જાય.

લગ્નમાં થતા ખોટા ખર્ચની રકમને જો વ્યકિતગત હેતુ માટે વાપરવામાં આવે તો આવકનું સ્થાયી ઝરણું ખુલી શકે. બંને પક્ષના વડીલો કહેવાતી ધનરાશિને નવદંપતિના નામે જમા કરી દે તો ફિક્સ ડિપોઝીટમાં તે છ વર્ષમાં બમણાં અર્થાત્ લગભગ ૨૦,૦૦૦ અને ૧૨ વર્ષમાં ૪૦,૦૦૦ થઈ જાય. એનું વ્યાજ દર મહિને રૂા. ૩૫૦/- જેટલું થાય. આ રકમમાંથી એક નાન કુટુંબનું ખચજ સહેલાઈથી નીકળી શકે. લગ્ન પ્રસંગે વડીલો થોડું વિવેકથી કામ લે તો નવદંપતી માટે આવકનો ખૂબ જરૂરી માર્ગ ખોલી શકાય. આ રકમને સુરક્ષિત રાખી ૧૪ વર્ષ પછી એક દંપતીને રૂા. ૩૫૦/-નું માસિક પેન્શન આજીવન મળતું રહે તથા મૂળ ધન પેઢી દર પેઢી કામ આપતું રહે.

આ તો લગ્ન પાછળ થતા ખોટા ખર્ચનું આર્થિક પૃથક્કરણ થયું. ખોટા ખર્ચાથી થતા સામાજિક અને નૈતિક નુકસાનનો હિસાબ ગણવામાં આવે તો ખબર પડે કે આ કુરિવાજે ભારતીય સમાજને હાડપિંજર જેવો બનાવી દેવામાં મોટો ભાગ ભજવ્યો છે. એકનું જોઈને બીજો નકલ કરવા માંડે છે. કેટલાય લોકો બાહ્ય પ્રદર્શન દ્વારા પ્રતિષ્ઠા મેળવવા માટે અનીતિ અને બેઈમાનીનો માર્ગ પસંદ કરે છે. ખર્ચ કરવાની સ્થિતિ હોતી નથી અને મનમાં એટલી દઢતા હોતી નથી કે આ ખોટા ખર્ચની પરંપરાનો વિરોધ કરે. તેમની સમક્ષ એક જ માર્ગ રહે છે અનીતિનો-બેઈમાનીનો. કર્મચારીઓમાં વધતી જતી બેઈમાનીનું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એક કારણ આ ખોટો ખર્ચ કરવાની મૂર્ખતા છે.

ભારતીય સમાજ ગરીબી અને દરિદ્રતાના રોગનો ભોગ બન્યો છે તેના મૂળમાં લગ્નોમાં થતો ખોટો ખર્ચ એ પણ એક મહત્ત્વનું કારણ છે. એનાથી વ્યક્તિ પોતે તો દરિદ્ર બને છે પણ સાથે સાથે સમાજમાં અનૈતિકતા, ભ્રષ્ટાચાર અને અવ્યવસ્થા પણ ફેલાવે છે. હવે એ સમય આવી ગયો છે કે એનો સામૂહિક વિરોધ કરવામાં આવે. સમજાવવા છતાંય પણ જ્યાં આ કુરિવાજ ન અટકે ત્યાં એવા બરબાદી કરનારાં આયોજનોમાં આપણે જાતે સામે થવું નહીં અને પોતાના પ્રભાવ ક્ષેત્રની વ્યક્તિઓને સામેલ થવા દેવી જોઈએ નહિ. ખોટા ખર્ચ પ્રત્યે પ્રતિષ્ઠાના સ્થાને અપ્રતિષ્ઠાનો ઉપદેશ આપવાથી ઓછામાં લોકપ્રવાહને બદલવાનું શક્ય નથી. જો બધે જ વિરોધનો આ પ્રવાહ શરૂ થઈ જાય તો સમાજને હાડપિંજર બનાવી રહેલો આ કુરિવાજ ઉખાડવા નાખવો અશક્ય નથી.

## વિવેક જાગે, સાહસ પેદા થાય તો જ કુરિવાજો નષ્ટ થાય

શું સારું અને શું ખરાબ ? શું કરવાથી લાભ થાય અને શું કરવાથી નુકસાન થશે ? એનો ઉકેલ શોધવાની તથા નિર્ણય કરવાની બુદ્ધિ ભગવાન મનુષ્યને આપી છે. તે ઓનો ઉપયોગ પણ કરે છે. સામાન્ય રીતે દૈનિક જીવનની બાબતોમાં તો વિવેકબુદ્ધિ ઠીકઠીક કામ આપે છે પરંતુ તે જ વિવેક કોઈ મહત્ત્વપૂર્ણ મામલામાં રૂંધાઈ જાય છે. દાખલા તરીકે રિવાજોને લઈએ સમાજમાં સારા રિવાજો પ્રચલિત છે તથા ખરાબ રિવાજો પણ છે. તંદુરસ્ત પરંપરાઓ તથા ઉચ્ચ આચરણ માટે દરેક સમાજમાં જગ્યા છે. સાથે સાથે કેટલીક ખરાબીઓ અને કુરિવાજો પણ બધા સમાજોમાં જાણીતા છે. એમાં શું પસંદ કરવું તે વ્યક્તિની ઉપર આધાર રાખે છે.

એવું કયું કારણ છે કે લોકો કુરિવાજો અને ખરાબ પ્રથાઓને આશ્રમ આપે છે તથા એ રિવાજોને અપનાવે છે કે જેનાં પરિણામો અહિતકાર છે આના જવાબમાં એ કહેવું પડશે કે પસંદગી કરતી વખતે વ્યક્તિનો વિવેક ઠંડો પડી જાય છે તથા આંતરિક અસંમતિ હોવા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છતાંય તે પાણીમાં વહેવા તણખલાની જેમ અનિશ્ચિત દિશામાં વહેવા લાગે છે. રિવાજને સ્વીકારવા સાવધાની રાખવી જોઈએ. વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવો જોઈએ તથા કુરિવાજોની અવગણના કરીને જો તેમને અપનાવીએ નહીં તો સમાજમાં વ્યાપેલા કુરિવાજો જોતજોતામાં જડમૂળથી ઉખેડી શકાય.

લોકો સારા અને ખરાબ રિવાજો વચ્ચેનો ભેદ નથી જાણતા એમ નથી. છોકરો વેચીને દહેજ લેવાની બૂરાઈનો કોણ સ્વીકાર નથી કરતું ? એના દ્વારા થતું નુકસાન કોણ નથી જાણતું ? ભાગ્યે જ કોઈ વ્યકિત એવી મળે જે દહેજપ્રથાને ટેકો આપે. આમ છતાં જ્યારે પોતાનો છોકરો ઉંમરલાયક થાય ત્યારે દરેક વ્યકિત દહેજ લેવા માટે લલચાઈ જાય છે. જે પોતાની પુત્રીના લગ્ન વખતે દહેજનો પ્રખર વિરોધી હતો, દહેજ માગનારની કડવા શબ્દોમાં ટીકા કરતો હતો તો જ જ્યારે પોતાના છોકરાના લગ્નમાં છોકરીવાળાનું લેજું કાઢવાની કોશિષ કરે છે ત્યારે લાગે છે કે આ બૂરાઈ, મનુષ્યની લાભવૃત્તિ, લાજશરમ નેવે મૂકી દે છે તેનું જ પ્રતિફળ છે.

દહેજનો શાપ દરેક ભારતીય કુટુંબના ગળાની ફાંસી બની ગયો છે. આ તથ્યનો કોણ ઈન્કાર કરી શકે ? આવી હત્યારી, અનૈતિક અને અમાનવીય પ્રથાને ટેકો આપવા માટે કોઈની પાસે દલીલ નથી. આમ છતાં દેખાદેખીના લીધે હોય કે પછી રિવાજના કારણે, ભલે ગમે તેમ પણ આ પ્રથા એટલા માટે નિભાવવામાં આવે છે કે લોકો છોકરીના લગ્ન સમયે જે નકાબ પહેરે છે તે છોકરાના લગ્ન વખતે તરત જ બદલી નાખે છે તથા બીજું મહોરું પહેરી લે છે. લોભવૃત્તિના કારણે કરવામાં આવતી આ બેઈમાનીનો ત્યાગ કરવામાં આવે તો જોતજોતામાં સમાજને આ કુપ્રથામાંથી મુકત કરી શકાય.

આ સ્થિતિમાં જેનો વિવેક જાગૃત છે તે કહેશે કે દેખાદેખી કરીને આ અનાચારને આશરો આપવાના બદલે ભલાઈને શા માટે ન સ્વીકારવી જોઈએ ? તે દેખાદેખી કરવી જ હોય તો એવાં હજારો ઉદાહરણો મોજૂદ છે જેમાં લોકોએ અત્યંત સાદાઈથી ઓછા ખર્ચમાં લગ્નો કર્યા હોય. આ આદર્શ રિવાજોને અપનાવવામાં શું મુશ્કેલી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે ? સમાજમાં ખરાબમાં ખરાબ અને સારી બાબતો પ્રચલિત છે. સારી બાબતોને સ્વીકારવામાં કોઈ મુશ્કેલી નથી.

ખરી વાત તો એ છે કે સારાખોટાનો વિવેક કરવાનું સામર્થ્ય આપણી પાસે હોવા છતાંય મન જેને પોતાની રુચિને અનુકૂળ માને છે તેનું જ અનુકરણ કરે છે. જે બાબતો પોતાની રુચિથી ઊલટી હોય તેમને અપવાદ ઘણી છોડી દે છે. પોતાની માનસિક અથવા નૈતિક દુર્બળતાને લીધે જ વ્યકિત સારા રિવાજોની સરખામણીમાં ખરાબ રિવાજોને વધુ પસંદ કરે છે. તે સમાજમાં રહીએ તો રિવાજો નિભાવવા પડે એવું બહાનું બતાવે છે. લોકાપવાદ અથવા સામાજિક નિંદાના ભયથી એવું કરવાની મજબૂરી પેદા થાય છે એવું કારણ બતાવે છે. આ રીતની દલીલો તદ્દન અસંગત અને માત્ર બહાનાં જ છે, કારણ કે આદર્શવાદિતાને સ્વીકારવાનું અને સારા રિવાજોને ટેકો આપવાનું સાહસ કરવામાં આવે અને આ વિવેકશીલતાનાં હંમેશાં વખાણ કરવામાં આવે તો નબળી મનોભૂમિવાળા લોકો પણ આનું અનુકરણ કરવા માટે ઉત્સાહ અનુભવશે.

આવા કેટલાય કુરિવાજો ફકત થોડું સાહસ ન કરી શકવાના કારણે જ પ્રચલિત છે. પરિણામે તેને અટકાવવા માટે કાયદા ઘડાયા તથા વિચારશીલ વ્યકિતઓ દ્વારા નિંદા કરવા છતાંય તે પ્રચલિત છે. બધાય જાણે છે કે દેવતાઓની આગળ પોતાની કોઈ માનતા માનવા માટે પશુપક્ષીઓનું બલિદાન ચઢાવવું તે નિર્દયતાભર્યું કાર્ય કરે છે. દરેક જાણે છે કે બીજાને દુઃખ બદલામાં કદાપિ સુખ મળતું નથી. આમ હોવા છતાં પણ કુરિવાજોનો ભકત અને અંધશ્રદ્ધાળુ મનુષ્ય આ બધું કરતો રહે છે. તે એવું કેમ વિચારતો નથી કે જે લોકો ભોગ નથી ચઢાવતા એમના દેવો પણ પ્રસન્ન રહે છે તથા એમની ઈચ્છાઓ પૂરી થાય છે. એમનું અનુકરણ કરવામાં કયાં વાંધો આવે છે ?

ઘૂંઘટપ્રથા સ્વીકારવાના કારણે સ્ત્રીઓ અસ્વસ્થ, પરાવલંબી, નિરક્ષર અનુભવહીન રહે છે તથા લઘુતાગ્રંથિથી પીડાય છે. એમને આ સ્થિતિમાં રાખવામાં કઈ સમજદારી છે ? સુધરેલા દેશો તથા સમાજોમાં હવે સ્ત્રીઓ પુરુષો સાથે ખભેખભો મિલાવી કામ કરી રહી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે અને પોતાના દેશ તથા સમાજને પ્રગતિના પંથે આગળ વધારી રહી છે. આનું અનુકરણ કરીને સ્ત્રીઓની વિકસિત ક્ષમતાનો લાભ તેને પોતાને, પોતાના કુટુંબને તથા આખા સમાજને શા માટે ન આપવામાં આવે ? પિંજરામાં બંધ પંખીની જેમ સ્ત્રીને ઘરની ચાર દીવાલોની અંદર કેદ રાખવી એ ન તો બુદ્ધિપૂણ છે કે ન તો દૂરદર્શિતાયુક્ત. આથી મૂર્ખતાને આશરો આપવામાં કોઈ ઔચિત્ય નથી.

કહેવાઈ ગયું છે કે સમાજમાં સારી અને ખરાબ બંને પ્રકારની પ્રથાઓ પ્રચલિત છે. એમાંથી ફકત ખરાબ રિવાજને જ પસંદ કરવો તે પોતાની અંગત દુર્બળતા, મૂર્ખતા અને ડરપોકવૃત્તિનો પરિચય આપે છે. કુરિવાજો અને નુકસાન કરતી પ્રથાઓની ઉપેક્ષા યા અવગણના કરવાથી કેટલાક લોકો ટીકા અને નિંદા કરે પણ તેની પરવા ન કરવી જોઈએ. લોકો તો ચોરી, બેઈમાની અને બદમાશી કરતા હોવા છતાંય લોકનિંદાની ચિંતા કરતા નથી તો સારા માર્ગે ચાલતાં જો આપણે લોકનિંદાનો સામનો કરવો પડે તો એમાં ગભરાવાની શી જરૂર ?

દરેક વિચારશીલ વ્યકિતએ સમાજમાં તંદુરસ્ત વિચારોનો ફેલાવો કરવા ઉત્સાહપૂર્વક આગળ આવવું જોઈએ. સચ્ચાઈ અને બુદ્ધિમત્તાના માર્ગને સ્વીકારીને એકલા જ આગળ વધવામાં આવે તો કોઈ જ વાંધો નથી. જગતમાં અનેક મહા પુરુષોએ એકલા હોવા છતાં પોતાનો રસ્તો પોતાની જાતે ઉજ્જવળ બનાવ્યો છે. યાદ રાખવું જોઈએ કે આંધળા રિવાજો અને કુરીતિઓનું મૂળ મનુષ્યની ડરપોક વૃત્તિમાં છુપાયેલું છે. નહીં તો દરેક વ્યકિત તેનાથી થતી હાનિને જાણે છે છતાં તેવા રિવાજો છોડતી નથી. એનું કારણ એ છે કે તેમનામાં સાહસનો અભાવ છે. બીજાને સુધારાના માર્ગે જતો જોતા નથી તેથી એમને પહેલ કરવામાં સંકોચ થાય છે. બધી જ ક્રાંતિઓનો ઈતિહાસ બતાવે છે કે આવા પ્રસંગોએ જનચેતના હંમેશાં જાગી છે તથા તેણે રિવાજોને બદલવા માટે બીડું ઝડપ્યું છે. સમાજની પરિસ્થિતિઓ જ્યારે અસહ્ય બની જાય છે, સમજાવવાના સરળ ઉપાયો રૂઢીવાદી લોકોને સાચા માર્ગ પર લાવવા અસમર્થ બને છે ત્યારે જાગૃત જનમાનસ યોગ્ય



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પરિવર્તન માટે સંઘર્ષ કરવામાં તૈયાર થાય છે. જગતમાં થયેલાં પરિવર્તનોનો ઈતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે કે કયાંય પણ માત્ર શરૂઆતના વિરોધના વૈચારિક પ્રયત્નોથી કામ ચાલ્યું નથી.

જનમાનસની સુષુપ્ત અવસ્થામાં જ શોષણ અને દમનનું દુષ્ચક્ર સફળ થાય છે. કુરીતિઓ, મૂઢ માન્યતાઓ તથા કુરિવાજોની દાળ દુઃખગ્રસ્ત સમાજની હાંલ્લીમાં જ ગળે છે. જ્યાં સુધી ચૈતન્યનું એક પ્રચંડ મોજું સમાજમાં ઊંડાં મૂળ જમાવીને બેઠેલા કુરિવાજો તથા સૈકાઓથી ચાલી આવતા શોષણ અને દમનના ચક્રને તણખલાની જેમ ઘસડીને લઈ જતું નથી ત્યાં સુધી જ એ બધું ચાલે છે. લાંબા સમયથી ગુલામી પ્રથાની અમાનવીય પરંપરા અમેરિકામાં ચાલતી હતી. અનેક પ્રયત્નો કરવા છતાં તેને દૂર કરવામાં સફળતા મળી નહીં. સ્થિતિ જ્યારે અસહ્ય બની ગઈ ત્યારે સમાજે જાતે જ પડખું બદલ્યું. ક્રાંતિની ભૂમિકા તૈયાર કરી ‘ટોમકાકાની ઝૂંપડી’ એ અને જોતજોતામાં એક એવો સંઘર્ષ ઊભો થઈ ગયો કે જેણે ગુલામીની પ્રથાને સદાયને માટે ખતમ કરી નાખી. રશિયામાં ઝારના નિરંકુશ શાસન વિરુદ્ધ ક્રાંતિ થઈ. ફ્રાન્સમાં પણ આવી ક્રાંતિ થઈ. ભારતને પણ કોઈ વ્યકિત વિશેષના પ્રયત્નોથી નહીં, પણ જનજાગૃતિના ફળ સ્વરૂપે જ સ્વતંત્રતા મળી હતી. વિરોધ, સંઘર્ષ અને અસહકાર બધે જ હોવાથી અંગ્રેજી રાજ્યનો પાયો હચમચી ગયો. એમણે જોયું કે હવે વધું સમય ભારતને ગુલામ રાખવું શકય નથી. જાગૃતિની પ્રચંડ લહેર જોઈને અહીંથી ભાગી જવામાં જ તેઓ પોતાનું હિત સમજ્યા. એ વખતે અંગ્રેજી શાસન સામે જે વિરોધ દેખાતો હતો તે જો ઉત્પન્ન ન થયો હોત તો દેશને કોણ જાણે કયાં સુધી ગુલામીમાં સબડવું પડત.

જનજાગૃતિ માટે શરૂઆતમાં પૃષ્ઠભૂમિ તો આગેવાનોએ બનાવવી પડે છે, પણ ત્યાર પછી એક સમય એવો આવે છે કે જ્યારે લોકોને લાંબા સમયથી ચાલી આવતી અનુચિત રીતને બદલવાની જરૂર લાગે છે. સમાજશાસ્ત્રીઓનો મત છે કે જગત,માં કોમ્યુનિઝમ જે તીવ્રગતિથી ફેલાતો જાય છે એનું મુખ્ય શ્રેય સામ્યવાદના સિદ્ધાંતોને નહીં, પણ સમાજની માગણીને આપવું જોઈએ. કાર્લમાકર્સની પહેલાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પણ કેટલાય વિચારકોએ સામ્યવાદ જેવી વિચારધારાઓ આપી હતી, પણ કોઈએ એ તરફ ધ્યાન આપ્યું ન હતું. પૂંજીવાદ પોષાતો રહ્યો. પરંતુ બદલાએવી પરિસ્થિતિમાં બધે જ એવો અનુભવ થઈ રહ્યો છે કે આર્થિક વિષમતાની ખાઈ રહેવાથી માનવજાતની સુખશાંતિ કાયમ ટકી શકે એમ નથી. યુગની આવશ્યકતા હતી કે તે ખાઈને ઓળંગી જાય. જનમાનસને તેવા વિકલ્પની જરૂર હતી. સામ્યવાદ એ પરિસ્થિતિમાં જ જાગૃત થઈ બહાર આવ્યો અને વૈકલ્પિક સમાજ વ્યવસ્થાનો આધાર બન્યો.

રૂઢિપરંપરા અને કુરીતિઓની બાબતમાં પણ આ જ નિયમ લાગુ પડે છે. અવિવેકના લીધે જ તેમને આશરો મળે છે. પરંતુ વિવેકનો ઉદય થતાં જ તે માથે પગ મૂકીને ભાગી જાય છે. જ્યાં સુધી વિરોધ માટે પ્રચંડ આવેશ પ્રગટ થતો નથી ત્યાં સુધી જ એ કુરિવાજો સમાજમાં વ્યાપેલા રહે છે. હજુ થોડા સમય પહેલાં દેશમાં સતીપ્રથા પ્રચલિત હતી. રાજા રામ મોહનરાય જેવાં કેટલાય મહાપુરુષોએ એ બંધ કરાવવા પ્રયત્નો કર્યા અને એ પ્રયત્નોને સાચા અર્થમાં ત્યારે જ સફળતા મળી કે જ્યારે જનમાનસે અનુભવ્યું કે આ અમાનવીય પ્રથાનો અંત લાવવો જોઈએ. આ જાગૃતિના ફળસ્વરૂપે એ કુરિવાજ નષ્ટ થયો. આજે ભાગ્યે જ કોઈ માણસ એ સતીપ્રથાને ટેકો આપી એને ઉચિત ગણતો હશે.

બાળલગ્ન, ઘૂંઘટપ્રથા વગેરેને પમ બુદ્ધિજીવી વર્ગ દ્વારા અનુચિત ગણવામાં આવ્યાં છે. સુશિક્ષિત વર્ગને અનુભવ થઈ ગયો છે કે આ પ્રથાઓથી લાભ થવાના બદલે નુકસાન જ થાય છે. ખાસ કરીને નિરક્ષર અને પછાત લોકોમાં જ આ પ્રથા વધારે છે. એ લોકો એનાથી થતા નુકસાનને સમજતા નથી. પ્રગતિશીલ વર્ગ હવે તેનો ટેકેદાર નથી રહ્યો. જે ક્ષેત્રોમાં આ કુરિવાજો ફેલાયેલા છે ત્યાં આજે નહીં તો કાલે જાગૃતિની લહેર આવતાં જ એ પ્રથાઓ નષ્ટ થઈ જશે.

દહેજની કુપ્રથા આમાં સૌથી ભયંકર છે. આજે પણ તેણે આખા સમાજને પોતાના સકંજામાં પકડી રાખ્યો છે. આ કુપ્રથાના નાશ માટે વર્ષોથી અનેક પ્રકારના સરળ પ્રયત્નો ચાલે છે, પણ સફળતા મળતી નથી કેટલાંય ક્ષેત્રોમાં દહેજ વિરુદ્ધ લોકોએ ખુલ્લો સંઘર્ષ શરૂ કરી દીધો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. તે એવો સંકેત આપે છેકે વહેલી મોડી આ કુપ્રથા નષ્ટ થઈ જ જશે. સ્વેચ્છા કે અનિચ્છાએ બાહ્ય દબાણોથી મજબૂર બનીને દહેજના લોભિયાઓએ પોતાની આ કુટેવ છોડવી પડશે.

બિહારના કેટલાંય જિલ્લાઓમાં દહેજ આપવાની અશક્તિની પરિસ્થિતિમાં કન્યાઓના વડીલો બળજબરીથી લગ્ન કરાવે છે એવા સમાચાર મળે છે. જૂન ૧૯૮૨નાં 'હિન્દુસ્તાન' દૈનિક પત્ર મુજબ અસમર્થ કન્યાઓનાં માતાપિતા બદમાશોના ટોળકીનો સંપર્ક સાધી વિનંતી કરીને પોતાની પુત્રીના લગ્નમાં મદદ કરવા માટે એમને રાજી કરી લે છે. માતાપિતાએ એટલું બતાવવું પડે છે કે કેવો છોકરો પોતાની છોકરી માટે જોઈએ છે. ટોળકીના સભ્યો બંદૂકની અણીએ છોકરાનું અપહરણ કરે છે અને કોઈ ગામમાં મંડપ વગેરે બનાવી વિધિસર શાસ્ત્રીય રીતે લગ્ન કરાવી દે છે સ્થાનિક અધિકારીઓનો રિપોર્ટ છે કે આવાં લગભગ ૫૦૦ લગ્નો અત્યાર સુધી થઈ ચૂક્યાં છે. આ નવી જાતના અપરાધથી સ્થાનિક છોકરાઓના વડીલોમાં ડર પેસી ગયો છે. પોલીસ પણ ખૂબ પરેશાન છે. કેટલાય વડીલો લગ્ન પછી આ બળજબરીથી કરાયેલ લગ્નની ફરિયાદ કરતાં નથી. જો કે આ પદ્ધતિ અનુચિત છે. પણ દહેજના વિરોધમાં ભરાયેલાં આ ગેરકાયદેસર પગલાં એ શિખામણ આપે છે કે સ્વેચ્છા કે અનિચ્છાથી પણ દહેજ પ્રથાનો વિરોધ હવે કોઈ પણ સ્થિતિમાં કરવો જ રહ્યો.

પ્રજાના વિરોધનો એક પ્રસંગ પાનાગઢ તરફથી જાણવા મળ્યો છે. ૨૭ મી જૂન, ૧૯૮૨ના 'પંજાબ કેસરી' માં પ્રકાશિત થયેલા આ સમાચાર મુજબ બર્નપુર નામના સ્થળેથી આવેલ એક વરરાજાએ દહેજમાં પોતાની માગણી મુજબની વસ્તુઓ ન મળવાના કારણે લગ્ન કરવાની ના પાડી દીધી. લગ્ન કર્યા વિના જાનૈયાઓ સાથે વરરાજા પાછા જવા માંડ્યા તો કેટલાક યુવાનોએ સમજાવવાની કોશિષ કરી. પણ છોકરાએ જ્યારે પોતાની જીદ ન છોડી ત્યારે યુવકોએ પોતાનો ક્રોધ પ્રગટ કર્યો. એમણે વરરાજાને ધમકી આપી કે જો તે લગ્ન નહીં કરે તો તેના માતાપિતા સાથે તેના વાળ મૂંડાવીને મોં પર મેંશ ચોપડીને આખા બજારમાં ફેરવવામાં આવશે. 'ભય વિના પ્રિતિ નહીં' એ કહેવત



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સફળ બની અને છેવટે છોકરાએ લગ્ન કરવા માટે તૈયાર થવું પડ્યું. યુવકોએ ચેતવણી પણ આપી કે અગર છોકરો કે તેના ઘરવાળાં જો એ કન્યાને હેરાન કરશે તો ત્યાં આવીને એનો બદલો લેવામાં આવશે.

ખાસ કરીને સામાજિક કુરિવાજોનાં મૂળ વિરોધના અભાવના કારણે જ ઊંડાં નંખાયાં છે અને સમાજ ખોખલો બની ગયો છે. એની ચર્ચા થાય છે. સામાજિક સભાઓ પણ યોજાય છે, પરંતુ વ્યાવહારિક સ્તરે અસહકાર અને વિરોધ પ્રગટ ન કરવાના કારણે એને નષ્ટ કરવાનું શક્ય બનતું નથી. ચૂપ બેસી રહેવાથી ઊલટું એને પ્રોત્સાહન મળે છે. થોડાક ગણ્યાગાંઠ્યા માણસો જ સંગઠનની રીતે દઢતાથી ઊભા થાય, વિરોધ અને સંઘર્ષ કરવા માટે તૈયાર થાય તો અવશ્ય એમને નિર્મૂળ કરી શકાય. આનું એક વધારે અનુકરણીય ઉદાહરણ અલ્લાવલપુર (હરિયાણા)ના રહેવાસીઓએ રજૂ કર્યું છે.

દહેજની ખરાબ પ્રથા ભારતના અન્ય પ્રાંતોની જેમ અહીં પણ લાંબા સમયથી ચાલતી હતી. અલ્લાલવ પુરના નાગરિકોને એનો વિરોધ કરવાની પ્રેરણા એક ઘટનાના લીધે મળી. ગામના જ એક ખેડૂતને પોતાની દીકરીઓના લગ્ન માટે પોતાના ગુજરાન માટેની જમીન અને ઢોરઢાંખર વેચી દેવા પડયાં. તેને ભૂખે મરવાનો વારો આવ્યો. આ વિષય પર ચાની સ્થાનિક દુકાન ઉપર ગામના કેટલાક લોકો વચ્ચે ચર્ચા ચાલી. એમાં કેટલાક યુવાનો પણ સામેલ હતાં. ચર્ચામાં એ વાત ચાલી કે આપણે બધાએ ભેગા મળીને આપણા ક્ષેત્રમાં આપણી રીતે દહેજપ્રથાનો નાશ કરવાનો પ્રયત્ન શા માટે ન કરવો જોઈએ. અંતે એવો નિર્ણય લેવામાં આવ્યો કે આ માટે અલ્લાવલપુર ગામની બધી જ પ્રતિષ્ઠિત વ્યકિતઓની સભા બોલાવવામાં આવે. નક્કી કરેલા સમયે એક વિશાળ બેઠક થઈ જેમાં પાલ જાતિના બધા જ લોકો એકઠા થયા. લાંબી ચર્ચા-વિચારણા પછી બધાએ દહેજની કુપ્રથાના વિરોધમાં પોતાનો સૂર પુરાવ્યો. સાથે સાથે તેવતિયાં જાતિના બધા મુખ્ય આગેવાનોએ સોગંદ લીધા કે તેઓ પોતાનાં છોકરા છોકરીઓનાં લગ્નોમાં કોઈપણ પ્રકારની લેણદેણ નહીં કરે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એટલામાં ગામલોકોએ એક વ્યાવહારિક કોયડા તરફ બધાંનું ધ્યાન ખેચ્યું. તેમણે કહ્યું કે આપણે દહેજ નહીં લઈએ એ નિર્ણય તો બરાબર છે. પણ આપણે બધાંએ આપણી છોકરીઓનાં લગ્ન તો બીજા પાલોમાં કરવાં પડે છે. એટલા માટેઆ અભિયાનમાં તેમની ભાગીદારી અને મંજૂરી વિના દહેજપ્રથાને નષ્ટ કરાવાનું લક્ષ્ય કયાં પૂરું થાય છે ? તેમણે ઊભો કરેલો આ પ્રશ્ન વિવેકયુકત હતો. વિચાર વિનિમય પછી બીજી બેઠકમાં બીજા ગામોના પાલોને પણ આમંત્રણ આપ્યું. તેમની સંખ્યા ખૂબ હોવાથી પલવલ જિલ્લાનાં ૧૩૦૦ ગામોના લોકોની વિશાળ સભા પલવલની હાયર સેંકડરી સ્કૂલના મેદાનમાં રાખવામાં આવી. ગામના મુખી અને પંચોને આ સભામાં અચૂક બોલાવવામાં આવ્યા હતા.

બેઠકમાં ૧૩૦૦ ગામોના જુદા જુદા વિભાગ બનાવવામાં આવ્યા તથા તેમનું પ્રતિનિધિત્વ કરનારી ૮૨ વ્યકિતઓને પસંદ કરવામાં આવી. આ પસંદગીનો ઉદ્દેશ સંબંધિત વિષય પર્ એક જગ્યાએ બેસી ગંભીરતાપૂર્વક વિચાર કરે તથા નવું માળખું તૈયાર કરે તે હતો. વિચાર વિનિમય પછી ૨૬ વ્યકિતઓના એક સમિતિ બનાવી. એને અધિકાર આપવામાં આવ્યો કે જે કોઈ વ્યકિત દહેજ લે અથવા આપે તેની તપાસ કરવી અને તેને દંડ કરવો. લગ્ન પ્રસંગે લેણદેણની વધારેમાં વધારે રકમ રૂા. ૧૦૧/- નક્કી કરવામાં આવી. જાનૈયાઓની ભીડ અને ભોજન સમારંભમાં થતા ખોટા ખર્ચથી બચવા માટે એવો નિયમ બનાવવામાં આવ્યો કે જાનમાં ૧૧ થી વધારે વ્યકિતઓને લઈ જઈ શકાય નહિ. આ ક્રાન્તિકારી નિર્ણયની જાહેરાત પછી એ ક્ષેત્રમાં દહેજપ્રથા જડમૂળમાંથી નીકળી ગઈ.

કુરિવાજોને દૂર કરવા માટે કાયદાનો સહકાર મળે છે, પરંતુ તે ત્યારે, જ ઉપયોગી થઈ શકે કે જ્યારે વ્યાપક સ્તરે વિરોધ કરવાનું સાહસ પેદા કરવામાં આવે. અલ્લાવલપુર જેવા સાહસિક અને સંગઠિત પ્રયાસો બીજાં સ્થાનોમાં પણ જો શરૂ થઈ જાય તો દહેજ તો શું પણ બધા જ કુરિવાજો અવશ્ય દૂર થઈ શકે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

## બાળલગ્ન અનૈતિક છે - એની ઉપર અંકુશ રાખો

બાળલગ્નને ગેરકાયદેસર ગણવા છતાં પણ કેટલાંય બાળલગ્નો થયા કરે છે. આ વર્ષે અખાત્રીજ ઉપર રાજસ્થાનની એક વિશિષ્ટ જાતિમાં આશરે ૧૦,૦૦૦ બાળલગ્નો થયાના સમાચાર પ્રાપ્ત થયા છે. આ જાતિમાં દર વર્ષે આ જ મુહુર્તમાં લગ્નો થાય છે. બીજા લોકોની પણ એવી માન્યતા છે કે જ્યારે લગ્નનું કોઈ મુહુર્ત ન નીકળતું હોય તો અખાત્રીજને સંપૂર્ણ શુદ્ધ અને નિર્દોષ માનીને તે દિવસે લગ્ન કરી શકાય છે.

કેટલીય જ્ઞાતિઓમાં તો ૨૦ વર્ષની ઉંમર વીતી જતાં છોકરાનો વિવાહ થવો મુશ્કેલ બની જાય છે. કારણ કે એ લોકો માને છે કે લગ્નને યોગ્ય ઉંમર આ જ છે અને એ ઉંમરે તો એક બે બાળકો થઈ જવાં જોઈએ. શકય છે કે આ રિવાજ એ સમયે શરૂ થયો હશે કે જ્યારે રાજારજવાડાંમાં દરરોજ યુદ્ધ થયા કરતાં હતાં અને માનવામાં આવતું કે "સોલાહ બરસ લોં કુંવર જીવે, આગે જીવનકો ધિક્કાર." અર્થાત્ કોઈપણ ક્ષત્રિય યુવકે ૧૬ વર્ષ પછી મૃત્યુને ભેટવા હર ક્ષણે તૈયાર રહેવું જોઈએ અને લગ્ન તથા સંતાન પેદા કરવાની જવાબદારી તે પહેલાં પૂરી કરી લેવી જોઈએ.

કઈ પરિસ્થિતિઓમાં બાળલગ્નની પ્રથા શરૂ થઈ એવો વિચાર કરવાની કોઈ જરૂર નથી. એટલું તો દરેક સમજદાર વ્યકિત સ્વીકારે છે કે બાળપણમાં છોકરાંનાં લગ્ન કરી દેવાં તે આજના જમાનામાં અવ્યાવહારિક તથા અમાનવીય છે. પણ રૂઢિચુસ્તોને તો આ રિવાજ તૂટવાથી વધારે કચવાટ થાય છે અને જે લોકો ઓછું-વત્તું ભણ્યા છે તથા પોતાની જાતને ખૂબ સમજદાર માને છે તેઓ આ રિવાજના સમર્થનમાં આશ્ચર્યજનક દલીલો કરે છે.

કેટલાક લોકોનું કહેવું છે કે આજે મોટી ઉંમરે લગ્ન કરવાનો રિવાજ શરૂ થયો છે. તેનાથી છોકરા છોકરીઓનું નૈતિક ધઃપતન થઈ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રહ્યું છે. જે ઉંમરે છોકરા અને છોકરીઓમાં યૌનભાવના જાગૃત થાય છે એ સમયે જો એમને તૃપ્તિ ન મળે તો તેઓ અનુચિત રીતે પોતાની વાસના પૂર્ણ કરે છે અને અવાંછનીય યૌનસંબંધો બાંધવા માટે મજબૂર બની જાય છે.

પણ મોટેભાગે આ દલીલ નિરાધાર છે. સમાજશાસ્ત્રીઓનો મત છે કે બાળલગ્નની પ્રથા જ્યારે ખૂબ પ્રચલિત હતી ત્યારે પણ લોકોમાં યૌનવિકૃતિઓ જોવા મળતી હતી. છોકરા છોકરીઓ પથભ્રષ્ટ ન બને એટલા માટે જ બાળલગ્નો કરવામાં આવતાં નહોતાં. પરંતુ એ કુરિવાજ એટલા માટે શરૂ થયો કે ઉચ્ચવર્ગ દ્વારા ગરીબ કન્યાઓનું બળજબરીથી અપહરણ કરી તેમને શીલભંગ કરવામાં આવતી હતી. આથી તેમના શીલનું રક્ષણ કરવા માટે આ વ્યવસ્થા બનાવવી પડી. એ સમયે કોઈ અવિવાહીત વ્યકિત દ્વારા યૌન ઉચ્છૃંખલતા ફેલાવવામાં આવી નહોતી, પરંતુ તે સંપન્ન શકિતશાળી અને અધિકારી વર્ગ દ્વારા જ ફેલાવવામાં આવતી હતી. તેઓ પોતાની ઉદ્ધત કામવાસનાને શાંત કરવા માટે ગરીબ કુંવારી કન્યાઓને પોતાનો શિકાર બનાવતા હતા.

પરણેલા લોકો યૌનભ્રષ્ટ નથી હોતા એમ કહી શકાય નહીં. તેઓને એક રીતે ખુલ્લી છૂટ મળી જાય છે. તેઓ એવું વિચારે છે કે પરણેલા હોવાથી તેમની ઉપર કોઈને એકદમ વહેમ જાય નહીં. જો કુંવારા રહેવાથી જ કોઈ પથભ્રષ્ટ થઈ જાય તો આપણા મનીષિઓએ ૨૫ વર્ષની ઉંમર સુધી બ્રહ્મચર્યની મર્યાદાનું કઠોરતાપૂર્વક પાલન કરવાની વ્યવસ્થા બનાવી ન હોત.

યૌનભ્રષ્ટતાનો સંબંધ ન તો વધતી ઉંમર સાથે છે અથવા ન તો કુંવારા રહેવા સાથે. એ આપણી આસપાસના વાતાવરણ, સંસ્કાર, સોબત અને અનુકરણથી ઉત્પન્ન થાય છે. આજકાલ વાતાવરણને વિકૃત કરવામાં સિનેમા, સાહિત્ય, કલા અને પ્રચારતંત્રે બહુ મોટી ભૂમિકા ભજવી છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વાતાવરણના રંગમાં રંગાયેલા વડીલો પોતાનાં બાળકોને પણ એવા જ સંસ્કારો આપે છે. કદાચ માતાપિતા ધ્યાન રાખે તો પણ સ્કૂલમાં, રમતના મેદાનમાં અને મિત્રોની સાથે રહેનાર બાળક, કિશોર યા તો યુવક એ વાતાવરણના દોષોને ગ્રહણ કરી લે છે. આધુનિકતાના પાગલપણામાં બદલાતી જતી વિચારધારા અને રહેણીકરણીની રીતભાત પણ બાળકો, કિશોરો અને યુવાનોને કુસંસ્કારી બનાવે છે.

લોકો યુવાનીમાં પથભ્રષ્ટ થઈ ન જાય એની સાવચેતી માટે પ્રચલિત થયેલાં બાળલગ્ન કદાચ સહેતુક હોય, છતાં પણ એની શક્યતા નહીંવત્ છે. આમ છતાં પણ જો આપણે માની લઈએ કે તે યુવાનોને પથભ્રષ્ટ થતાં રોકી શકે તો તે બહુ મોંઘો અને ખોટનો સોદો છે. બધાય જાણે છે કે સમય પહેલાં અપરિપક્વ ઉંમરે જીવનશક્તિનો નાશ થાય એ બાળલગ્નનું ભયંકર પરિણામ છે. જીવનશક્તિ વહેવાનો રસ્તો ખોલી નાખવો એ કોઈ રીતે લાભકારક નથી. જો કદાચ યુવાનોને પથભ્રષ્ટ થતા અટકાવવા માટે એવું કરવામાં આવે તો પણ તે યૌનઉત્પાતોને અટકાવવા માટે યુવાનોને વ્યંઢળ બનાવી દેવા સમાન ગણાય.

કહેવાય છે કે બાળલગ્નથી યૌનશક્તિનો અસમયે નષ્ટ થવાનો ભય રહેતો નથી કારણ કે લગ્ન પછી કેટલાંય વર્ષો સુધી આણું કરવામાં આવતું નથી. આથી પતિપત્ની દૂર રહે છે. આ બાબત એક જોતાં સારી લાગે છે. પણ તે બાળકોની માનસિક શક્તિને દુર્બળ બનાવી દે છે. કામનો સંબંધ શરીર કરતાં મન સાથે વધારે છે. લગ્નથી બાળકોને લગ્નની એકાંતની ક્રિયાઓથી અજાણ નથી રાખી શકતાં. એટલું જ નહીં એમની સાથે કોઈ પ્રૌઢ વ્યક્તિની જેમ જ વ્યવહાર કરવામાં આવે છે. છોકરીઓને પણ પોતાના કુટુંબમાં એવા સ્થાને રાખવામાં આવે છે કે જે સ્થાન પર મોટી પરણેલી છોકરીઓને રાખી શકાય.

સમય પહેલાં અનુભવાતી આ પ્રૌઢતા છોકરા છોકરીઓ માટે દરેક દૃષ્ટિએ નુકસાનકારક સાબિત થાય છે. એ વખતે તે ઉંમરની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બાબતમાં એક મોટી છલાંગ મારી દે છે. ૧૦ વર્ષનું બાળક લગ્ન થયા પછી પોતાને ૨૫ વર્ષથી ઓછી ઉંમરનો થાય અને જીવનનો ચોથો ભાગ જોઈ ચૂકયો હોય ત્યારે તેને ૪૦ વર્ષનો હોય તેવી અનુભૂતિ થાય છે. કોઈક વિચારકે એટલા માટે ભારતીય યૌન બાબતમાં કહ્યું છે કે જુવાની ૪૦ વર્ષ પછી પણ રહે છે, પરંતુ ભારતીય યુવક જુવાની પહેલાં જ વૃદ્ધ થઈ જાય છે.

પરિપકવ ઉંમર થતા પહેલાં જ પોતાની જીવનશકિત નષ્ટ થવાની સાથે સાથે બાળદંપતિનું દાંપત્યજીવન પણ વધારે જડ બની જાય છે. લગ્નના અર્થની જ જેને ખબર નથી અને જે લગ્ન કરવા માટે યોગ્ય નથી તેમનાં લગ્ન એવાં ભયંકર પરિણામો પેદા કરે છે કે જેવાં કોઈ કુપાત્ર વ્યકિતને કોઈ કિંમતી વસ્તુ સોંપવાથી પેદા થાય છે. લગ્ન પછી દાંપત્યજીવનનો અર્થ સમજાઈ જાય છે એમ માનવું ભૂલભરેલું છે. લગ્ન પહેલાંનાં સ્વપ્નો સમય સાધના, ભાવનાઓનું નિયંત્રણ તથા ગૃહસ્થોપયોગી જ્ઞાન મેળવવુ એ એવી આધારશિલા છે જે બાળવિવાહીતોમાં હોતી નથી. આધારશિલા વગર બનાવેલું મકાન અર્થાત્ પૂર્વતૈયારી વગરની સાધના વિના એકદમ દાંપત્યજીવનમાં જોડાનાર વ્યકિત પોતાનો ગૃહસ્થાશ્રમ કેવી રીતે સુદૃઢ, સશકત અને આનંદપૂર્ણ બનાવી શકે ?

યૌનજીવનમાં એના વગર કોઈ મુશ્કેલી ન આવતી હોય તો ભલે પણ પુરુષ તથા સ્ત્રી માટે જીવનમાં ઉન્નતિના માર્ગમાં તો મુશ્કેલી ઉત્પન્ન કરે છે જ. સૈકાંઓ સુધી આપણા દેશનું જનમાનસ અંધવિશ્વાસુ, પછાત અને કૂવામાંના દેડકા જેવું બની રહ્યું. એનું મુખ્ય કારણ સમયથી પહેલાં શરૂ કરેલું વિવાહીત જીવન છે. દસ વર્ષનાં છોકરાં છોકરી જેમને હજુ છૂટથી મળવાની જરૂર નથી, તેમને જીવનની ગંભીર જવાબદારીઓ સોંપવી જોઈએ નહીં અને જેમને જ્ઞાન, શકિત તથા અનુભવના ક્ષેત્રમાં ઘણું બધું પ્રાપ્ત કરવાનું બાકી છે એમને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લગ્નના બંધનમાં બાંધી દેવાનો અર્થ છે દેવદારના વૃક્ષનાં મૂળ કાપતા રહી તેમને નાનાં જ બનાવવાની પરિસ્થિતિ પેદા કરવી. સ્વામી રામતીર્થે જાપાનમાં જ્યારે દેવદારનાં નાનાંનાનાં વૃક્ષો જોયાં તો તેમણે માળીને પૂછ્યું કે આ વૃક્ષોને વિકાસ કેવી રીતે અટકી ગયો ? મેં તો હિમાલયમાં લાંબાં લાંબાં વૃક્ષો જોયાં છે.

માળીએ સ્વામીજીને બતાવ્યું કે આ વૃક્ષોના છોડ કૂંડામાં ઉગાડેલા છે અને તે કારણે એમનાં મૂળ નાનાં જ રહી જાય છે. સ્વામી રામતીર્થે એ જ વખતે કહ્યું હતું કે તમારે ત્યાં તો વૃક્ષોને જ નાનાં રાખે છે. પણ મારા દેશનું એ દુર્ભાગ્ય છે કે ત્યાં માણસોને પણ નાના બનાવી દેવાય છે. બચપણમાં જ જીવનની ગંભીર જવાબદારીઓ લાદીને એમનો ઈશારો બાળલગ્ન તરફ હતો.

બાળલગ્નના પક્ષધર રિવાજના નામે એનું સમર્થન કરે છે. અમારા પૂર્વજોમાં એવું થતું હતું, તેઓ બાળલગ્ન કરતા હતા એટલે અમે પણ કરીએ છીએ. ખરી રીતે રિવાજ હોવાના કારણે કોઈ પ્રથા સ્વીકારતી નથી. અગર લોકો માત્ર રિવાજ હોવાના કારણે જ જૂની વાતોને સ્વીકારીને ચાલે તો યજ્ઞોપવિત અને ચોટલીની ઉપેક્ષા શા માટે કરે છે ? જો રિવાજ હોવાના કારણે જ બધું કરવામાં આવતું હોય તો ૧૬ સંસ્કારો અદશ્ય ન થયા હોત. બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યાસ આશ્રમની પરંપરા શા માટે તૂટી જાત ? જો પરંપરાના લીધે કોઈ વ્યવસ્થા સ્વીકારવામાં આવતી હોત તો આશ્રમોનું શિક્ષણ, યજ્ઞ, પ્રાતઃ અને સાયં ઉપાસના, તીર્થયાત્રા, ગુરૂજનો પ્રત્યે આદરભાવ વગેરે કેટલીય એવી બાબતો છે જે તોડવી ઉચિત નથી છતાં આજે એ પ્રમાણે કરવામાં આવતું નથી.

ખરેખર બાળલગ્નનું કારણ ન તો યૌન ઉચ્છૃંખલતાને નિયંત્રિત કરવાનું છે કે ન રિવાજ પ્રત્યે નિષ્ઠા રાખવાનું. કદાચ કોઈક વખતે એની જરૂર હોય તો ભલે હોય પણ આજના સમયમાં આ પ્રથા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બિનજરૂરી અને અવાંછનીય છે. આજે જે બાળલગ્ન કરવામાં આવી રહ્યાં છે તેનું મુખ્ય કારણ એ છે કે મોટા અને ઘરડા વડીલો એવું વિચારે છે કે અમે અમારાં પૌત્રપૌત્રીઓનાં મોં જોઈને મરીએ. આ વિચિત્ર ઈચ્છા છે. જ્યાં સંતાનને સ્વાવલંબી બનાવી તેના તરફથી નિશ્ચિંત થઈ, વાનપ્રસ્થ અને સન્યાસ લઈને સમાજસેવા તથા આત્મકલ્યાણની સાધનામાં લગાડવાની ગૌરવશાળી પરંપરા રહી છે ત્યાં પોતાનાં છોકરાંના છોકરાંને ધમાચકડી મચાવતાં જોવાની ઈચ્છા રાખવી તે માનસિક દેવાળું નહીં તો બીજું શું છે ?

જેને હજુ સારી રીતે રાંધતાં નથી આવડતું તથા સૂવા-બેસવાનું ભાન નથી એને એકદમ ૨૦-૨૫ વર્ષ પછીની સ્થિતિમાં ધકેલી દેવું એમાં કઈ બુદ્ધિમતા છે ? ક્યાંક ક્યાંક તો બાળકોનાં લગ્ન થતી વખતે મનોરંજન મળે તેવા પ્રસંગો બને છે. રાજસ્થાનમાં થયેલા બાળલગ્નના સમાચાર પ્રકાશિત થયા ત્યારે જાણવા મળ્યું કે કેટલાંક બાળકો માના ખોળામાં સૂી રહ્યાં હતાં. અને તેમના બદલે તેમનાં માબાપ ફેરા ફરી રહ્યાં હતાં. નિઃસંદેહ બાળલગ્નની ઉપયોગિતા રમકડાંના ખેલથી વધારે નથી. તેનાથી બાળકોનું આખું જીવન પાયમાલ થઈ જાય છે. પ્રગતિના આધુનિક યુગમાં તેના વિરુદ્ધ પગલાં ભરવાં જ જોઈએ.

સમાપ્ત

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org